**સુવિચાર**

જે વ્યકિત બધાનું સહજભાવે કામ કરે અને મીઠી જીભ રાખે એ કોઈ દિવસ જીવનમાં નિષ્ફળ જતો નથી.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૪/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ચૈત્ર સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૦૯૯







## રાજકોટનાં ઉમેદવારને લઈને ઉભી થયેલ નારાજગી આગળ વધી

# રૂપાલાનો વિવાદ ડામવામાં સ્થાનિક નેતૃત્વ નિષ્ફળ

### સૌરાષ્ટ્ર બાદ ગુજરાતનાં અનેક શહેરોમાં રૂપાલાની ટિકિટ કાપવાની માંગ પ્રબળ બની રહી છે

### સમગ્ર મામલો પ્રધાનમંત્રી મોદી સુધી પહોંચી ગયો હોય કોઈ સમાધાન થશે કે નહી તેના પર સૌની નજર

### સુરેન્દ્રનગર, કચ્છ, સુરત, અમદાવાદ જિલ્લામાં પણ ક્ષત્રિયોએ નારાજગી વ્યકત કરી

### રૂપાલાએ માફી માંગી લીધી પણ રાજપૂત સમાજ માફ કરવા તૈયાર નથી

અમરેલી, તા. ૮

પરશોતમ રૂપાલા અને ક્ષત્રિય સમાજ વચ્ચેના વિવાદનો અંત આવતો નથી એક તરફ ભાજપની નેતાગીરીવિવાદ પૂર્ણકરવાતમામપ્રયાસો કરી છે. ત્યારે બીજી તરફ આ વિવાદ લોકસભાનીઅન્યબેઠકોસુધીપહોંચતા ભાજપનીચિંતામાંવધારોથયોછે.

સુરેન્દ્રનગરજિલ્લાનાથાન ગામે ક્ષત્રિય સમાજના ભાઈઓ ધ્વારા કાળા વાવટા ફરકાવી રૂપાલાનો ઉગ્ર વિરોધકરવામાંઆવ્યોહતો. ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ તેમજ ચોટીલા વિધાનસભાના ધારાસભ્ય હાજર હોય અને ભાજપનાં કાર્યકરોનીસાથે સંવાદ ચાલી રહ્યો હતો ત્યારે ક્ષત્રિય સમાજના ભાઈઓ ધ્વારા કાળા વાવટા ફરકાવવામાં આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કરાયું હતું. પોલીસ ધ્વારા તમામ લોકોની અટકાયત કરી પોલીસસ્ટેશનેલઈ જવામાંઆવ્યાહતા.

થાનગઢ તાલુકાના મોરથરામાં ભારતીય જનતા પાર્ટીની શકિતકેન્દ્રનીમિટિંગમાંક્ષત્રિયસમાજનો



કાળા વાવટા ફરકાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાંઆવતાદોડધામમતી જવા પામી હતી. જેમાં થાનગઢના મોરથરાગામેશકિતકેન્દ્રનીમિટિંગમાં જિલ્લાપ્રમુખતેમજધારાસભ્યતેમજ આગેવાનોની ઉપસ્થિતિમાં ક્ષત્રિય સમાજધ્વારા કાળાવાવટાફરકાવીને વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં


અનુસંધાન પાના ૬ ઉપર


### એક બારપટોળી માર્ગનાં ખેતરમાં, બીજો બનાવ વીડીમાં અને ત્રીજી ઘટનાં બાઈકમાં લાગી આગ

# આગ હી આગ : રાજુલા–જાફરાબાદ પંથકમાં 3 જગ્યાએ આગ લાગવાની ઘટના બની

### ત્રણેય સ્થળોએ ફાયર ફાઈટરની ટીમે આગ પર કાબુ મેળવી લીધો





રાજુલા, તા. ૮

રાજુલા–જાફરાબાદ પંથકમાં છેલ્લા બાર કલાકમાં ત્રણ જગ્યાઓ ઉપર આગ લાગવાની ઘટના બનવા પામેલ. જેમાં પ્રથમ ઘટનામાં જોવા જઈએ તો ભાવનગર–સોમનાથ હાઈવે પર કાગવદર નજીક સોમનાથ હોટલનીસામેબરપટોળીજવાનારસ્તા પર પૃથ્વીરાજભાઈ ઉમેશભાઈ વરૂના ખેતરમાં આગ લાગી આગ લાગવાના સમાચારથીઆજુબાજુનાલોકોએકત્રિત થઈ અને ખેતરમાંથી પાણી લઈ તેમજ રોડ ઉપરથી ધૂળ તેમજ માટી લઈ આ આગને બુજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ આગ વધુ જ આક્રમક બનતી હોય. તેથી રાજુલા ફાયર વિભાગને જાણ કરવામાં આવેલ ફાયર વિભાગ ગણતરીની પળોમાં જ સ્થળ ઉપર પહોંચી ગયું અને આ આગને કાબુમાં લેવામાં સફળતા મળેલ. આ ફાયરની ટીમમાં શીવાભાઈ જોખીયા, જયભાઈ ભગવાનભાઈ વિગેરેની મહેનત રંગલાવી અને આ આગ કાબૂમાં લેવામાં સફળતા મળેલ. જાણવા મળતી વિગત મુજબ કોઈ નુકશાન થયાનું જાણવા મળેલ નથી.

જયારે બીજી ઘટના રાજુલા પાસે આગરિયા ની વીડીમાં લાગી આગ લાગવાની બનવા પામેલ. જયાં આગ લાગવાની ઘટના બનતા રાજુલાના


અનુસંધાન પાના ૬ ઉપર


## સાવરકુંડલામાં ભાજપ સ્થાપના દિવસની ઉજવણી



ભાજપના જૂના કાર્યકર અને આગેવાન સ્વ. મહેશભાઈ સુદાણીનાં નિવાસસ્થાન જેસર સાવરકુંડલા ખાતે ભાજપ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે સાવરકુંડલા–લીલીયા મત વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી લોકસભા ઉમેદવાર ભરતભાઈ સુતરીયા તથા ભાજપના આગેવાનો, કાર્યકરો જોડાયા હતા. શહેર યુવા ભાજપ મંત્રી મોહીત સુદાણ ધ્વારા તમામ મિત્રો અને આગેવાનોને આવકાર્યા હતા.








## મોદી સરકારનાં ૧૦ વર્ષનાં શાસનમાં કોઈ આકરી કાર્યવાહી જ ન કરાઈ

# મિલાવટખોરો, નફાખોરો, ભ્રષ્ટાચારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કયારે ?

**દેશમાંથી કરોડો રૂપિયાનું કાળુધન લઈ વિદેશમાં જલ્સા કરનાર ભાગેડુઓનો વાળ વાંકો થતો નથી**

**મોંઘવારી, બેરોજગારી જેવી સમસ્યા પણ એક દાયકામાં ઘટવાને બદલે ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ**

**ખેડૂતો, શ્રમિકો, ગરીબ, યુવાનોને નજીવી રકમનો ફાયદો કરીને ખૂશ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે**

**દેશમાં ૮૦ કરોડથી વધુ નાગરિકો મફતમાં અનાજ ખાવા મજબૂર અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારને મોજેમોજ**

અમરેલી, તા. ૮

નરેન્દ્ર મોદી સરકારનો ૧૦ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે. તેવા સમયે દેશનાં કરોડો પરિવારોએ ૧૦ વર્ષ પહેલા જે આશા સેવી હતી તે પૂર્ણ થઈ કે નહી તેનાં વિષે ચર્ચા કરવાનો સમય આવી ચુકયો છે.

આજથી ૧૧ વર્ષ પહેલા કોંગ્રેસનાં વડપણ હેઠળની યુપીએની સરકારનાં શાસનમાં ગેસ સીલીન્ડરનો ભાવ ૪૫૦ આસપાસ, પેટ્રોલ ૬૦ આસપાસ, ખાદ્યતેલ, શાકભાજી, કઠોળ , વીજળી, દવાઓનાં જે ભાવો હતા તેમાં આજે ૫૦ થી ૧૦૦ ટકાનો વધારો થયો અને તે સમયે દેશમાં નફાખોરો, સંગ્રહખોરો, મિલાવટખોરો અને ભ્રષ્ટાચારીઓ તેમજ મોંઘવારી, બેરોજગારી, કાળુધન જેવી સમસ્યાનું નિરાકરણનું વચન ભાજપ અને નરેન્દ્ર મોદીએ આપતાં દેશવાસીઓએ યુપીએ સરકારને પરાજિત કરીને મોદી સરકારને સત્તાનું સુકાન સોંપ્યુ અને આજે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મિલાવટખોરી, નફાખોરી અને ભ્રષ્ટાચાર વધવાને બદલે ઉલ્ટાનો વધી ગયો. દેશવાસીઓ વધારે મુશ્કેલીમાં મુકાયા.

દેશમાં આજે ૮૦ કરોડથી વધારે નાગરિકો મફતમાં અનાજ ખાવા મજબૂર બની રહ્યા છે. ખેડૂતોને દર મહિને ૫૦૦ રૂપિયા આપીને ખૂશ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેની સામે ખેડૂતોને ખાતર, બિયારણ, દવાઓ, ડીઝલની ખરીદીમાં દર મહિને બેથી ત્રણ હજાર વધારે ચુકવવા પડી રહ્યા છે.

વર્તમાન કેન્દ્ર સરકાર જનતાને દર મહિને ૫૦૦ રૂપિયા આપે કે ૫ થી ૧૦ હજારની અન્ય કોઈ સહાય કરે તો તેની કરોડો રૂપિયાની જાહેરાત થાય પરંતુ જનતાનાં ખિસ્સામાંથી વિવિધ કરવેરા રૂપે આપે તેના કરતાં બે થી ત્રણ ગણા નાણા પરોક્ષ રીતે લઈ છે તેનો જનતા ખ્યાલ પણ આવવા દેતી નથી અને જનતા પણ સાચી હકિકત જાણવાથી વંચિત રહી જાય છે. તે બાબત લોકશાહી શાસન વ્યવસ્થામાં અતિ ચિંતાજનક બની છે.

### જાનથી મારી નાખવાની ધમકી આપી

## અમરેલીનાં ઠેબી જળાશયમાં માટીનું કામ ચાલતું હોય અને મારામારીની ઘટના

**પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૮

મુળ ભાવનગર પંથકના વતની હાલ અમરેલી તાલુકાના શેડુભાર ગામે રહેતા કરણભાઈ અરવીંદભાઈ સાંગા નામનાં કોન્ટ્રાકટરનુ નાના માચીયાળા ઠેબી નદીમાં માટીનુ કામ ચાલતુ હોય. ત્યારે નાના માચીયાળા ગામે રહેતા રાણીંગભાઈ રહેનાએ ત્યાં જઈ સાહેદ સચીનભાઈને જેમ ફાવે તેમ ગાળો આપી, લાફા મારી, ત્યાર બાદ રાત્રીના સાહેદ રાકેશભાઈ તથા સચીનભાઈ સુતા હતા ત્યાં જઈ આરોપીએ તેમને ગાળો આપી અને કહેલ કે અહિથી જતા રહો નહીતર કટા (તમન્ચા) થી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હીટાચી મશીનના કાચ તેમજ ઓપરેટીંગ મશીન તોડીને રૂપિયા ૫૦,૦૦૦ નું નુકસાન કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ખાંભા નજીક આવેલ

## મુંજીયાસર ગામે પવનચક્કીમાંથી કેબલની ચોરી થયાની ફરિયાદ

**રૂપિયા ૧.૪૦ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી**

અમરેલી, તા. ૮

ખાંભા તાલુકાના મુંજીયાસર ગામે કંપનીની માલીકીમાં રહેલ લોકેશન નં. ૮૨ ની પવનચક્કીમાં ગત તા. ૨૪, ૨૫/૨/૨૪ ના રાત્રીના આશરે એકાદ વાગ્યાથી લઈ રાતના ત્રણ વાગ્યાના વચ્ચેના સમયે એડેપ્ટર પેનલથી લઈ નેસલ સુધીના બે કેબલના આશરે ૪૫–૪૫ મીટરના ટુકડાની તથા તા. ૩૧/૩/૨૪ ના રાત્રીના આશરે બારેક વાગ્યાથી લઈ રાતના ત્રણ વાગ્યાના વચ્ચેના સમયે રાયડી ગામે કંપનીની માલીકીમાં લોકેશન નં. ૯ વાળી પવનચક્કીમાં એડેપ્ટર પેનલથી લઈ નેસલ સુધીના બે વાયરના આશરે ૪૫–૪૫ મીટરના ટુકડા મળી કુલ ૪ કેબલ વાયરના ૧૮૦ મીટરના કિંમત રૂપિયા ૧,૪૭,૫૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ રાત્રી દરમ્યાન ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.


### ઉનાનાં નવાદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારનાં

## ઓલવાણ ગામની સીમમાં ફાયરીંગ કરી યુવકને મોતને ઘાટ ઉતારનાર આરોપીને દબોચી લેવાયો

**એલસીબી, પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા હથિયાર અને જીવતા ૪ કાર્ટીસ કબ્જે**







ઉના, તા. ૮

ઉનાના ઓલવાણ ગામે વાડી વિસ્તારના રહેણાંક મકાનેથી ભુપતભાઈ રાજશીભાઈ રામ આહીર રહે. ઓલવાણ વાળાને છાતીના ભાગે ગંભીર ઈજા થતા ઉના સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ હોય ત્યાં ફરજ પરના ડોકટરે ભુપતભાઈના છાતીના ભાગે ગોળી લાગી જવાથી મૃત જાહેર કરતા નવાબંદર મરીન પો.સ્ટે.ગુ.ર.નં નવાબંદર મરીન આઈ પી.સી કલમ ૩૦૨,૪૪૯, હથીયાર ધારા કલમ ૨૫(૧–બી)(એ),૨૭, જી.પી.એ. કલમ ૧૩૫ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

ત્યારે ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ બનાવના મુળ સુધી પહોચવા અને સત્ય હકીકત બહાર લાવવા માટે સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ગીરસોમનાથના ઈ.ચા. પોલીસ ઈન્સપેકટર એ.બી.જાડેજા, પો.સબ.ઈન્સ. એ.બી વોરા, એલ.સી.બી પેરોલ ફર્લો સ્ટાફ એ.એસ.આઈ.સુભાષભાઈ ચાવડા, પો.હેડકોન્સ પ્રવિણભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા, પો.કોન્સ રાજુભાઈ પરમાર તથા એસ.ઓ.જી. પો.કોન્સ ધર્મેન્દ્રસીંહ ગોહીલ તેમજ નવાબંદર પોલીસનાઓની અલગ–અલગ ટીમો દ્વારા આ બનાવની તપાસ શરૂ કરવામાં આવેલ જેથી ક્રાઈમ ઘટનાની તપાસ કરતા મૃતક ભુપતભાઈ ઉપર ફાઈરીંગ કરી મર્ડર કરેલાની હકીકત જણાઈ આવતા તુરંત જ મરણજનારને કોઈ સાથે જુની દુશ્મની હોય તે બાબતે શંકા અંગેની તપાસ કરતા એલ.સી.બી. ગીરસોમનાથના પો.સબ ઈન્સ એ.બી.વોરા તથા એલ.સી.બી. ગીરસોમનાથ ટીમને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે શકદાર ભીમાભાઈ ઉર્ફે ભીમા કરશનભાઈ ગઢવીની તપાસ કરતા હત્યારો ઉના ખાતે તેના રહેણાંક મકાને હોવાની પાકી બાતમી આધારે મજકુરને તેના રહેણાંક મકાનેથી ગુન્હામાં વાપરેલ હથિયાર દેશી પીસ્ટલ તથા જીવતા ચાર કાર્ટીસ જેવા જીવલેણ હથિયાર સાથે ઝડપી પાડી હત્યારાની આગવી ઢબે પુછપરછ કરતા હત્યારાએ કબુલાત આપેલ કે પોતે ઓલવાણ ગામે ભુપતભાઈની જમીનમાં આવેલ પથ્થરની ખાણમાં મેતાજી તરીકે નોકરી કરતો હતો અને એક માસ પહેલા ખાણ પુરી થતા છુટો કરેલ હતો આ મૃતક ભુપતભાઈ રાજશીભાઈ રામ પથ્થરની ખાણમાં ભાગીદાર હોય પથ્થરની ખાણ શરૂ હતી તે દરમ્યાન મૃતક ભુપતભાઈ હસ્તક પથ્થરની ખાણ માંથી પથ્થર ભરવા માટે ટ્રેકટર આવતા હોય ત્યારે હત્યારા ભીમા ને તથા મૃતક ભુપતભાઈને અવાર નવાર ટ્રેકટર ભરવાના વારા બાબતે તથા પથ્થરની ખાણના હીસાબ બાબતે બોલાચાલી તથા ગાળાગાળી થતી હતી તે બાબતનું મન દુઃખ રાખી ગઈ તા.૦૬/૦૪/૨૦૨૪ ના રાત્રીના હત્યારો ભીમો મૃતક ભુપતભાઈને ફોન કરી તેની વાડીએ ગયેલ અને વાડીના રહેણાંક મકાને રૂમ ઓફીસ બનાવેલ હોય તેમાં પ્રવેશ કરી ભુપતભાઈની છાતીના ભાગે હત્યારા ભીમાએ દેશી પીસ્ટલથી એક રાઉન્ડ ફાયર કરી મર્ડર કરી ત્યાથી નાશી ગયેલ હોય જે આરોપીને એલ.સી.બી. /પેરોલ ફર્લો સ્કોડ ગીરસોમનાથ, નવાબંદર મરીન પો.સ્ટે. ની ટીમ દ્વારા ગણતરીની કલાકોમાં પકડી પાડી પુછપરછ કરતા મર્ડર કરેલ હોવાની કબુલાત આપતા ભીમા ઉર્ફે ભીમો કરશનભાઈ ગઢવી રહે. ખોડીયાર નગર ઉના વાળાને દેશી પીસ્ટલ નંગ–૧ કી રૂ.૨૫ હજાર, જીવતા કાર્ટીસ નંગ–૪ કી.રૂ.૪૦૦, યામાહા છ૧૦૦ મોટર સાયકલ કી.રૂ.૧૦ હજાર મળી કુલ કી.રૂ.૩૫ હજાર ૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઉના કોર્ટમાં ૧૦ દિવસના અર્થે રજુ કરવામાં આવતા ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

**પકડાયેલ આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ**

(૧) પોરબંદર જીલ્લાના કુતીયાણા પો.સ્ટે. ગુ.ર.નં.સે.૧૭૭/૨૦૧૬ હથીયારધારા કલમ ૨૫(૧)(એ), ૨૫(૧)(બી) જી.પી.એ કલમ ૧૩૫
(૨) પોરબંદર જીલ્લાના કુતીયાણા પો.સ્ટે ગુ.ર.નં.સે.૧૭૮/૨૦૧૬ એમ. વી. એ ક.૧૮૫
(૩) જામનગર જીલ્લાના બી.ડીવીજન પો.સ્ટે. ગુ.ર.નં.૦૮૯/૨૦૨૧ હથીયાર ચાસ કલમ ૨૫(૧)(એ),૨૯
૪) કચ્છ જીલ્લાના કંડલા મરીન પો.સ્ટે. ગુ.ર.નં.૨૧૪/૨૦૨૧ આઈ.પી.સી. કલમ ૩૯૫,૪૨૭,૫૦૬(૨), વિ
(૫) ઉના પો. સ્ટે. પો.સ્ટે. ગુ ર.નં.૬૬૩/૨૦૨૩ જી.પી.એ ૧૩૫
(૬) ઉના પો સ્ટે. પો.સ્ટે. મું.ર.નં.૫૭૯/૨૦૨૩ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી)
(૭) આ સિવાય ૧૯૯૯માં ગીરગઢડા પો.સ્ટે.ના ફુલકા ગામે મર્ડરના ગુનામાં સામેલ હતો તથા તથા ઉના પો.સ્ટે.માં ઈંગ્લીશ દારૂ કબ્જાના કુલ–ત્રણ ગુન્હા રજી.થયેલ છે.

### ભાજપ–કોંગ્રેસનાં કાર્યકરો સક્રિય થયા

## અમરેલી લોકસભાના બેઠકનો ચુંટણી જંગ ક્રમશઃ ગરમાવો પકડાતો જોવા મળે છે

**બંને ઉમેદવારો વિજેતા થવા માટે કરે છે સંઘર્ષ**





દામનગર, તા. ૮

ચૂંટણીસમયે ઉમેદવારો અને કાર્યકરો રાત–દિવસ જોયા વગર પ્રચાર કરતા હોય છે, એવી રીતે જનતાના કામો (સેવા) માટે કાળજી રાખતા હોય તો–તો કરેલા કામો ઉડીને આંખે માનસ પટલ પર અંકિત થઈ જાય વળગે પણ પોતાની ઉપર આવેલ જવાબદારી નિસ્વાર્થ ભાવે અને પક્ષાપક્ષી થી દુર રહીને નિભાવે તો તો પૂર્વ ધારાસભ્ય સ્વ.ખોડીદાસભાઈ ઠક્કર (ખોડીદાસ બાપા) ને આજે પણ અમરેલી જિલ્લાની સાથે ગુજરાત તેમની સમાજ પ્રત્યેની સમર્પણની ભાવના સેવા અને નિષ્ઠાને યાદ કરે છે.લોકો વાત–વાતમાં ખોડીદાસબાપાને હર હંમેશ યાદ કરે છે. તેમણે પોતાનું અને પોતાના પરિવારનું ક્યારેય વિચાર્યુ ન હોતું, એટલે પ્રજા તેઓને ખરા દિલથી યાદ કરે છે.

લોકસભા–૨૦૨૪ની ચૂંટણી આવી એટલે સ્મરણ થાય છે કે આજની સ્થિતિ અને સમીકરણો દિવસે ને દિવસે બદલાઈ રહ્યા છે. અમરેલી –૧૪, લોકસભાની બેઠક અંકે કરવા માટે રાજકીય પક્ષના લોકો પ્રચારના કામે લાગી ગયા છે. આ બેઠકમાં બહેન અને ભાઈ વચ્ચે ખરાખરીની સ્પર્ધા છે. કોંગ્રેસના બહેન અને ભા.જ.પ.નાં ભાઈ (બંને ઉમેદવારો) એડી–ચોટીનું જોર લગાવી રહ્યા છે. તો પક્ષ અને પ્રતિષ્ઠાના સવાલમાં ક્યાય કાચું ન કપાય તેની કાળજી રાખવામાં આવતી હોય એવું ખાનગી સૂત્રોમાંથી જાણવા મળતુ રહેતું હોય છે. જનતા સર્વોપરી હોય છે, તે ભુલાવુ ન જોઈએ.

## અમરેલીના આંગણે પૂ.ભાઈશ્રીનું આગમન : આર્શીવાદ લેતા આગેવાનો




અમરેલી, તા. ૮

અમરેલીનાં આંગણે વિજય વિખ્યાત ભાગવતાચાર્ય પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા પધારતા આઈ.ટી. સેલ પ્રદેશ કારોબારી સદસ્ય તેમજ ગાયત્રી શકિતપીઠનાં ટ્રસ્ટી એવા હિરેન ચાવડાએ આર્શીવાદ મેળ્યા હતા.

પૂ.ભાઈશ્રીએ વજુભાઈ તથા ધવલભાઈ ગોલનાં ફાર્મહાઉસે પધારેલ ત્યારે ત્યાં હિરેન ચાવડાએ તેઓનો સાથે પૂ.ભાઈશ્રીના આર્શીવાદ મેળવીને તેઓને ભગવાન રામ મંદિરનું સ્મૃતિ ચિન્હ અર્પણ કરી ધન્યતા અનુભવેલી હતી.

# અમરેલી ખાતે મતદાર જાગૃત્તિ અભિયાન કાર્યક્રમ યોજાયો



જિલ્લા ચૂંટણીઅધિકારી અમરેલી દ્વારા આયોજિત અવસર લોકશાહીનો અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન શીતલ આઈસ્કીમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમાં અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, ડેપ્યુટી ડીડીઓ દીપાબેન કોટક, જીલ્લા સ્વીપ નોડલ વ જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, મામલતદાર અમરેલી ગ્રામ્ય તથા શહેર તેમજ શીતલ આઈસ્કીમ ના એમ.ડી. દિનેશભાઈ ભુવા, લાયન્સ ક્લબ મેઈનના પ્રમુખ કૌશિકભાઈ હપાણી, ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ મતદાન જાગૃતિ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સી.પી. ગોંડલીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નાયબ મામલતદાર જગોદાણા, શ્રી ઉમેશભાઈ ભંડેરી અને જયેશભાઈ ગોંડલીયા એ ભારે જહેમત ઉઠાવી હતી.

# જાફરાબાદ પંથકમાં કોંગ્રેસનાં ઉમેદવાર જેનીબેન ઠુંમરને જબ્બરો આવકાર










રાજુલા – જાફરાબાદ વિસ્તારના પ્રવાસે અમરેલી લોકસભાના કોંગ્રેસના મહિલા અને શિક્ષિત ઉમેદવાર જેનીબેન ઠુંમ્મર લોકોના આર્શિવાદ મેળવવા ગયા હતા. ત્યારે તેમણે રાજુલા–જાફરાબાદ વિસ્તારના સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી હતી તેમા જેનીબેન ઠુમ્મરે જણાવ્યું કે આ વિસ્તારમાં મહાકાય કંપની છે. છતાં રોજગારીની તકો જોઈએ તેટલી નથી માટે આ વિસ્તારના સ્થાનિક–યુવાન અને યુવતિઓને રોજગારી મળે તે જરૂરી છે. આ ઉપરાંત આ વિસ્તારની જમીન ફળદ્રુપ છે. ત્યારે બાજરો અને અન્ય પાકોને આંતરરાષ્ટ્રીય બજાર મળે તે ખેડૂતોની આવક વધારી શકાય. આ અગાઉ નાગેશ્રીથી ખાંભા અને રાજુલાથી બાઢડા સુધીનો નેશનલ હાઈવે થાય તેવી માંગણી જેનીબેન ઠુમ્મરે કરી હતી. આ ઉપરાંત જાફરાબાદ દરીયો સાફ કરવામાં આવે તેવી માંગણી ઘણા સમયથી માછીમારો કરી રહ્યા છે તે કામગીરી પણ સરકારે કરવી જોઈએ. આ વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓ નથી જેથી રાજુલા અને જાફરાબાદમાં મીની એઈમ્સ કક્ષાની હોસ્પિટલની આવશ્યકતા છે. આ વિસ્તારનાં લોકોને સામાન્ય સારવાર લેવા માટે પણ અન્ય મહાનગરોમાં જવું પડે છે તો આરોગ્યની સારી સુવિધા આપવાની પણ તેમણે માંગણી કરી હતી. જિલ્લા કોંગ્રેસ પક્ષના પ્રમુખ પ્રતાપ દુધાતે વર્તમાન સરકાર પર આકરા પ્રહર કરતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના સમયમાં ૩૭૦નો રાંધણગેસનો બાટલો મળતો હતો તે ભાજપ સરકારે ૧૧૦૦નો કર્યો, ખાતર, દવા, બિયારણ પણ મોંઘા કર્યા ખેડૂતોને પોતાની ઉપજના પુરતા ભાવ મળતા નથી લોકો ખેતી છોડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ગેરંટીને પ્રતપાભાઈ દુધાતે વાંચી સંભળાવ્યો હતો. જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો ગ્રેજયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં આવશે અને અગ્રિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનૂની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા. ૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુર માટે મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે. જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય : આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ, જંગલ, જમીનનો કાનૂની હકા વન અધિકારવાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે, આદિવાસીત બહુમતીવાળા વિસ્તારોમાં અધુસુચિત થાશે. રાજુલા–જાફરાબાદમાંથી સરકારને કરોડો રૂપિયાની રેવન્યુ આવક છે. ત્યારે આ વિસ્તારમાં પુરતી શિક્ષણ, આરોગ્ય અને રોડ રસ્તા પાણીની સગવડો નથી માટે લોકોએ જાગૃત થઈ અને કોંગ્રેસનાં શિક્ષિત ઉમેદવાર જે લોકસભામાં જઈ અને એ વિસ્તારની સમસ્યા બોલી શકે તેવા જેનીબેન ઠુમ્મરને જંગી બહુમતિથી વિજય અપાવવા અપીલ કરી હતી અને પૂર્વ બાંધકામ સીમિતના ચેરમેન ટીકુભાઈ વરૂએ જણાવ્યુ હતુ કે, આપણા વિસ્તારમાં અંદાજીત ૩૦ હજારથી વધુ શિક્ષિત યુવાનો છે. ત્યારે સરકારી ભરતી તો સમયે થતી નથી અને થાય તો વારંવાર ભરતી મોકુફ રાખવામાં આવે છે. ત્યારે સ્થાનિક કંપનીઓમાં વધુમાં વધુ વિસ્તારના યુવાનોને નોકરી મળવી જોઈએ અને આ વિભાગમાં માળખાકીય સુવિધાઓ રોડ, રસ્તા, આરોગ્ય અને શૈક્ષણિક ક્ષેત્રે આ વિસ્તાર જિલ્લાના અન્ય વિસ્તાર કરતા પછાત રહ્યો છે. માટે જેનીબેનને વિનંતી છે કે આ વિસ્તાર માટે અત્યાર સુધી લોકસભામાં કોઈ બોલ્યુ નથી ત્યારે તમે ચૂંટાવ તો આ વિસ્તારના પ્રશ્નો દિલ્હી દરબારમાં ઉઠાવજો. આ તકે જિલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા જે.ડી. કાછડે કોંગ્રેસના કાર્યકરો અને મતદારોને અમરેલી જિલ્લા શિક્ષિત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને કોંગ્રેસે ઉમેદવાર બનાવ્યા છે ત્યારે લોકોનો અવાજ ઉઠાવી શકે તેવા ઉમેદવારને વિજય અપાવવા અપીલ કરી હતી. આ પ્રવાસમાં જેનીબેન ઠુમ્મર સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પ્રદેશ કોંગ્રેસ ડેલીગેટ અને પૂર્વ બાંધકામ સમિતી ચેરમેન ટીકુભાઈ વરૂ, જિલ્લા પંચાયત વિરોધપક્ષના નેતા જે.ડી. કાછડ, નાથાભાઈ પરમાર, ગાંગાભાઈ હડીયા, યુવરાજભાઈ વરૂ, કાદરભાઈ જુણેજા, ભગવાનભાઈ, હમિરભાઈ બાંભણીયા, મધુભાઈ બાંભણીયા, બાબુભાઈ કોટીલા, અજયભાઈ કોટીલા, રઘુવીરભાઈ કોટીલા, વિરાભાઈ સાખટ, ચતુરભાઈ જોળીયા, બાલાભાઈ બાંભળીયા સહિત બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પેટ્રોલપંપ માટે શેડ બનાવવાનું કાર્ય કરતો હોય

## સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ગામે ૨૦ ફૂટ ઊંચેથી પટકાતા યુવકનું મોત

### સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૮

મુળ ઉતરપ્રદેશના વતની અને હાલ મોટા ઝીંઝુડા (તા. સાવરકુંડલા) ગામે રહેતા સુધીર રામજ્ઞાન ભારતી નામનાં ૩૧ વર્ષિય યુવક તા. ૫ ના સાંજના ૪ કલાકે નાના ઝીંઝુડા ગામે નવા બનતા પેટ્રોલ પંપના શેડ બનાવાનુ કામકાજ કરતા હોય. તે દરમ્યાન આશરે વીસેક ફુટ ઉંચાઈના શેડ ઉપરથી જમીન ઉપર પડતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ઘરકામ કરવા જતી હોય

## સાવરકુંડલાની યુવતીની એકલતાનો લાભ લઈને એક શખ્સે કર્યુ દુષ્કર્મ

### અવારનવાર શરીર સંબધ બાંધી ગર્ભ રાખી દીધો

અમરેલી, તા. ૮

સાવરકુંડલા ગામે રહેતી એક ૨૨ વર્ષિય યુવતિ તે જ ગામે રહેતા હિતેષભાઇ કુંભારને ત્યાં વાસણ તેમજ કચરા–પોતા કામ કરવા જતા હોય. ત્યારે ગત તા. ૧૫/૧ ના આશરે બપોરના બે વાગ્યાથી તા. ૧/૩ બપોરના આશરે અઢી વાગ્યાના સમયગાળા દરમ્યાન તેણીની એકલતાનો લાભ લઈ યુવતિ સાથે બળજબરીપુર્વક અવાર–નવાર શરીર સબંધ બાંધી તેણીને આશરે ત્રણેક માસનો ગર્ભ રાખી દીધાની ફરિયાદ યુવતીએ પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

## ખાંભા : નાગજણ દાદાનાં દેવસ્થાને મહાપ્રસાદ યોજાયો



ખાંભા, તા. ૮

ખાંભાના પીપળવા ગીર નજીક આવેલુ ઘાતરવડીધામ ખાતે નાગાજણ દાદાને દેવસ્થાને ૫૬ ભોગ મહાપ્રસાદનું મકવાણા પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

રાત્રિના સમયે ડીજેના તાલ પર રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દર મહિનાની અમાસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે તે જ રીતના આ બદત પણ ૫૬ ભોગ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતુ અને બહોળી સંખ્યામાં પ્રસાદનો લાભ લીધો હતો આ તકે ખાંભાના સરપંચના પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ અને વેપાર પ્રમુખ મહેન્દ્રભાઈ હરીયાણી ઉપસ્થિત રહયા હતા અને નાગાજણ દાદા ગૌસેવા ટ્રસ્ટના પ્રમુખનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શૂરવી નાગાજણ દાદ ગૌસેવા ટ્રસ્ટ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### વેપારીનું બનાવટી લાયસન્સ બનાવવા

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ચેરમેન અને સેક્રેટરીની ડૂપ્લીકેટ સહિ કરાઈ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી


અમરેલી, તા. ૮

જસદણ તાલુકાના આટકોટ ગામે રહેતા રહેતા અને શ્રી એન્ટરપ્રાઈઝના પ્રોપાઈટર ભાવેશકુમાર વિનુભાઈએ ગત તા. ૧/૪/૨૨ થી તા. ૩૧/૩/૨૩ સુધીના સમયગાળા દરમિયાન એ.પી.એમ.સી. સાવરકુંડલાના ચેરમેન તથા સેક્રેટરીની ડુપ્લીકેટ સહિઓ કરી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી–સાવરકુંડલાના લાયસન્સ નં./રજી. નં. ૨૩૨ નું ડુપ્લીકેટ લાયસન્સ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ટી.ડી.એસ.નો લાભ મેળવવા સારૂ બોગસ બેંન્કીગ ટ્રાન્ઝેકશન માટે ઉપયોગ કર્યાની ફરિયાદ સાવરકુંડલા એ.પી.એમ.સી.ના સેક્રેટરી જતીનભાઈ વિનુભાઈ માલાણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મણિપુર હિંસા અંગે નિવેદન

# કેન્દ્રના હસ્તક્ષેપ અને રાજ્ય સરકારના પ્રયાસોને કારણે મણિપુરની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે

## રાજ્યમાં આશ્રય શિબિરોમાં રહેતા લોકોના રાહત અને પુનર્વસન માટે નાણાકીય પેકેજની વ્યવસ્થા કરવામાં આવી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા.૮

ચૂંટણી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મણિપુર હિંસા અંગે નિવેદન આપ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે મણિપુરની પરિસ્થિતિનો સામનો કરવા માટે સામૂહિક જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે કેન્દ્રના સમયસર હસ્તક્ષેપ અને રાજ્ય સરકારના પ્રયાસોને કારણે પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. તેમણે કહ્યું કે જ્યારે સંઘર્ષ ચરમસીમા પર હતો, ત્યારે ગૃહ પ્રધાન અમિત શાહ મણિપુરમાં રોકાયા હતા અને સંઘર્ષને ઉકેલવામાં મદદ કરવા માટે વિવિધ જૂથો સાથે ૧૫ થી વધુ બેઠકો કરી હતી. મણિપુર હિંસા મામલે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓ વડાપ્રધાન મોદી પર નિશાન સાધી રહી છે.

આસામ ટ્રિબ્યુનને આપેલા ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્રએ મણિપુર સંઘર્ષને ઉકેલવા માટે તેના શ્રેષ્ઠ સંસાધનો અને સમગ્ર વહીવટી તંત્ર તૈનાત કર્યું છે. તેમણે કહ્યું કે મણિપુર હિંસા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ ત્યાં જ રહ્યા અને સંઘર્ષને શાંત પાડવાનો સતત પ્રયાસ કર્યો. રાજ્ય સરકારની જરૂરિયાત મુજબ કેન્દ્ર સરકાર સતત સહયોગ અને સહકાર આપી રહી છે.તેમણે કહ્યું કે રાહત અને પુનર્વસનની પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્યમાં આશ્રય શિબિરોમાં રહેતા લોકોના રાહત અને પુનર્વસન માટે નાણાકીય પેકેજની વ્યવસ્થા કરવામાં આવી છે. કોંગ્રેસે અગાઉ પીએમ મોદીની આસામ મુલાકાત દરમિયાન ઉત્તર-પૂર્વના વિવિધ રાજ્યોમાં વધતી અસ્થિરતા અને અશાંતિ માટે કેન્દ્રની ટીકા કરી હતી. વિરોધ પક્ષે હિંસાગ્રસ્ત રાજ્ય મણિપુરમાંથી વડાપ્રધાનની ગેરહાજરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ગયા વર્ષે મે મહિનામાં મણિપુરમાં સ્થિતિ વધુ વણસી હતી. જ્યારે મેઈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિ (ST)નો દરજ્જો આપવાની માંગના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં આદિવાસી એકતા માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પછી, રાજ્યમાં વંશીય અથડામણ શરૂ થઈ. જેમ જેમ મેઈતેઈ દ્વારા પ્રતિ-વિરોધ અને નાકાબંધીનું આયોજન કરવામાં આવ્યું તેમ, સમગ્ર મણિપુરમાં હિંસા ફેલાઈ ગઈ. મણિપુર હિંસામાં ૧૬૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા અને સેંકડો ઘાયલ થયા.

### કાપી નાખી પોતાના હાથની નસો

# સંજયસિંહની અરજી સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવી

## નરેન્દ્ર મોદીની ડિગ્રીને લઇ સંજયસિંહ અને કેજરીવાલએ ગુજરાત યુનિવર્સિટી પર વિવાદિત ટિપ્પણી કરી હતી

નવી દિલ્હી, તા.૮

દારૂકાંડમાં જામીન પર બહાર આવેલા આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહને સોમવારે સુપ્રીમ કોર્ટમાંથી આંચકો લાગ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી માનહાનિ કેસમાં સંજયસિંહની અરજી સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવી છે. સંજયસિંહે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને નીચલી કોર્ટમાં ચાલી રહેલા કેસને રદ કરવાની માંગ કરી હતી. સંજયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીને લઈને યુનિવર્સિટી પર ટિપ્પણી કરી હતી.અહી ગુજરાત હાઈકોર્ટે સંજયસિંહ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે નીચલી અદાલત દ્વારા આપેલા સમન્સને રદ કરવાનો ઈંકાર કરી દીધો હતો. સંજયસિંહ અને કેજરીવાલે પીએમ મોદીની ડિગ્રીને લઈને ગુજરાત યુનિવર્સિટી વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. જેના કારણે યુનિવર્સિટીએ તેમની સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે. આ પછી નીચલી કોર્ટ દ્વારા AAP સાંસદને તેમની હાજરી માટે વારંવાર સમન્સ મોકલવામાં આવી રહ્યા છે.સંજયસિંહ વતી કોર્ટમાં હાજર થયેલી રેબેકા જહોને કહ્યું હતું કે સંજયસિંહે યુનિવર્સિટી વિશે જે પણ કહ્યું તેમાં માનહાનિ જેવું કંઈ નથી. તેમણે દલીલ કરી હતી કે, "વિડિયો પરથી સ્પષ્ટ થાય છે કે નિવેદન યુનિવર્સિટીની બદનક્ષી કરતું નથી. એવું કહેવામાં આવ્યું નથી કે ગુજરાત યુનિવર્સિટીએ નકલી ડિગ્રી બનાવી છે." તેના પર કોર્ટે કહ્યું કે જ્યારે ટ્રાયલ કોર્ટમાં કેસની સુનાવણી થશે ત્યારે આ દલીલો આપી શકાય છે. એમ કહીને કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

વાસ્તવમાં, એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા માનહાનિના કેસમાં સંજયસિંહને સમન્સ મોકલવામાં આવ્યા છે. સંજયસિંહે સુપ્રીમ કોર્ટમાં સમન્સ રદ કરવા પિટિશન દાખલ કરી હતી. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે આ કેસની સુનાવણી કરતા છછઁ સાંસદની અરજી ફગાવી દીધી હતી. ગુજરાત યુનિવર્સિટી વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા.

### કોંગ્રેસે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી

# નરેન્દ્ર મોદીની મુસ્લિમ લીગ કોમેન્ટથી કોંગ્રેસ ધુંઆપૂંઆ

## ભાજપથી આ વખતે ૧૮૦ બેઠક પાર થાય તેમ નથી તેથી તેઓ હિંદુ-મુસ્લિમના મુદ્દા પર આવી ગયા છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં એક ચૂંટણી રેલીમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને મુસ્લિમ લીગ સાથે સરખાવ્યા પછી કોંગ્રેસ ગુસ્સાથી લાલઘૂમ છે. મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસે આપેલા ચૂંટણી વચનોમાં મુસ્લિમ લીગની છાપ જોવા મળે છે. કોંગ્રેસે મોદીની આ ટિપ્પણી અંગે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી છે.

ગઈકાલે સહારનપુરમાં એક ચૂંટણીસભા દરમિયાન વડાપ્રધાન મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, "કોંગ્રેસના મેનિફેસ્ટોમાં ક્યાંય કોંગ્રેસ તો દેખાતી જ નથી. આ ઢંઢેરામાં દરેક જગ્યાએ મુસ્લિમ લીગની છાપ જોવા મળે છે અને જ્યાં બાકી રહી ગયું હતું ત્યાં ડાબેરીઓની છાપ જોવા મળે છે. આવી કોંગ્રેસ ૨૧મી સદીમાં ભારતને આગળ નહીં લઈ જઈ શકે." આ અંગે કોંગ્રેસે પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું કે ભાજપને બીક છે કે આ વખતે તેઓ ૧૮૦ બેઠકોને પણ પાર નહીં કરી શકે. તેથી તે ફરીથી હિંદુ-મુસ્લિમની વાત પર આવી ગયા છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ભારતની આઝાદીની લડાઈ વખતે ભાજપના પૂર્વજોએ અંગ્રેજોને અને મુસ્લિમ લીગને ટેકો આપ્યો હતો. ખડગેએ ટ્વિટર પર લખ્યું છે કે મોદી-શાહના રાજકીય અને વૈચારિક પૂર્વજોએ સ્વતંત્રતા સંગ્રામ વખતે બ્રિટિશ અને મુસ્લિમ લીગને સમર્થન આપ્યું હતું. આજે પણ તેઓ કોંગ્રેસના ન્યાયપત્ર સામે મુસ્લિમ લીગનો મુદ્દો ઉખેળે છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી. ખડગેએ લખ્યું કે મોદી અને શાહના રાજકીય અને વૈચારિક પૂર્વજોએ સ્વતંત્રતા સંગ્રામમાં ભારતીયો વિરુદ્ધ અંગ્રેજો અને મુસ્લિમ લીગને સમર્થન આપ્યું હતું. આજે પણ તેઓ સામાન્ય ભારતીયોના યોગદાનથી બનેલા 'કોંગ્રેસ ન્યાય પત્ર' ને મુસ્લિમ લીગની વિચારસરણી સાથે સરખાવી રહ્યા છે. ૧૯૪૨માં ભારત છોડો આંદોલન દરમિયાન મોદી-શાહના પૂર્વજોએ મહાત્મા ગાંધીના આહ્વાન અને મૌલાના આઝાદની આગેવાની હેઠળના આંદોલનનો વિરોધ કર્યો હતો.

ખડગેએ લખ્યું કે, "દરેક વ્યક્તિ જાણે છે કે તમારા પૂર્વજોએ ૧૯૪૦માં મુસ્લિમ લીગ સાથે બંગાળ, સિંધ અને NWFPમાં સરકારો બનાવી હતી. શું એ હકીકત નથી કે શ્યામા પ્રસાદ મુખરજીએ તે સમયના બ્રિટિશ ગવર્નરને પત્ર લખ્યો હતો કે ૧૯૪૨ના ભારત છોડો આંદોલનને કેવી રીતે દબાવી શકાય? અને આ માટે તેઓ અંગ્રેજોને ટેકો આપવા તૈયાર છે? મોદી-શાહ અને જે.પી. નડ્ડા આજે કોંગ્રેસના મેનિફેસ્ટો વિશે ખોટી ગેરસમજો ફેલાવી રહ્યા છે." કોંગ્રેસની ફરિયાદ પર ચૂંટણીપંચે જવાબ આપતા કહ્યું હતું કે આ મામલાની તપાસ કરવામાં આવશે.

### દર્શનાર્થીઓ માટે નવી ગાઈડલાઈન જાહેર

# મહાકાલેશ્વર મંદિર પરિસરમાં રીલ બનાવવા ઉપર પ્રતિબંધ

## આવા લોકોને પહેલા સમજાવવામાં આવશે: જો તેઓ સંમત નહીં થાય તો શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે

ભોપાલ, તા.૮

વિશ્વ પ્રસિદ્ધ મહાકાલ મંદિરમાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. પરંતુ એમાં પણ લોકોને સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવા માટે રીલ બનાવવા માટે પ્રતિબંધિત વિસ્તારમાં પણ ફોટોગ્રાફી કરતા જોવા મળે છે. જેને અટકાવવા માટે કડક કાર્યવાહી કરવાના હેતુથી મહાકાલ મંદિર પ્રબંધન સમિતિએ માર્ગદર્શિકા બનાવી છે અને તેનું ચુસ્તપણે પાલન કરવાની સૂચના પણ આપી છે. એવામાં હવે જો કોઈ ભક્ત મંદિરમાં રીલ બનાવતો જોવા મળશે તો પહેલા તેને ચેતવણી આપવામાં અઆવશે તેમ છતાં નહી માને તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી મહાકાલેશ્વર વ્યવસ્થાપન સમિતિના નવા વહીવટદાર મૃણાલ મીણાએ ચાર્જ સંભાળતાની સાથે જ શ્રી મહાકાલેશ્વર મંદિરની દર્શન વ્યવસ્થામાં મોટો ફેરફાર કર્યો છે. હવે તેઓએ મંદિર પરિસરમાં રીલ બનાવવા પર પ્રતિબંધ મુકતા જણાવ્યું હતું કે, "અમે ઈચ્છીએ છીએ કે જે ભક્તો મંદિરમાં બાબા મહાકાલના દર્શન કરવા આવે, તેમની ઈચ્છાઓ પૂર્ણ થાય. અમે ભક્તોને શ્રેષ્ઠ વ્યવસ્થા પૂરી પાડવાના પ્રયાસો કરી રહ્યા છીએ. આ પછી પણ શ્રી મહાકાલેશ્વર મેનેજમેન્ટ કમિટીની સૂચનાનો ભંગ થઈ રહ્યો છે. હવે આવું કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મહાકાલેશ્વર મંદિર પરિસરમાં ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી પર પ્રતિબંધ છે. ઘણા ભક્તો આ નિયમોનું ઉલ્લંઘન કરે છે. જો કોઈ સુરક્ષાકર્મી તેમને આમ કરતા રોકે તો તેઓ તેને માર પણ મારતા હોય છે. આવા લોકોને પહેલા સમજાવવામાં આવશે. જો તેઓ સંમત નહીં થાય તો શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવશે."

અગાઉ પણ મહાકાલ મંદિરમાં ફિલ્મી ગીતો પર ડાન્સ વીડિયો બનાવવાના કિસ્સા સામે આવ્યા છે. એક યુવતીએ ગર્ભગૃહમાં બાબા મહાકાલને અભિષેક કરતી રીલ બનાવી હતી. મંદિર પરિસરમાં એક યુવતી ડાન્સ કરતી જોવા મળી હતી. મહાકાલ મંદિરમાં વીડિયો શૂટ કરવા સામે પૂજારીઓએ પણ વાંધો વ્યક્ત કર્યો હતો. શ્રી મહાકાલેશ્વર મંદિરના સુરક્ષાકર્મીઓએ મંદિરના પ્રતિબંધિત વિસ્તારમાં ચારથી પાંચ મહિલા શ્રદ્ધાળુઓ અને યુવતીઓને વીડિયો રીલ બનાવવાની મનાઈ ફરમાવી હતી. જેના કારણે યુવતીઓએ સુરક્ષાકર્મીઓ સાથે મારપીટ પણ કરી હતી. તેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. સિક્યોરિટી ગાર્ડની ફરિયાદ પર, આરોપી વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૨૩, ૨૯૪, ૫૦૬ અને ૩૪ હેઠળ મહાકાલ પોલીસ સ્ટેશનમાં ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો.

### જૂન અથવા જુલાઈ મહિનામાં આવી શકે છે

# ખેડૂતોના ખાતામાં આવશે ૨૦૦૦ રૂપિયાનો ૧૭મો હપ્તો

## સરકારે ખેડૂતોના ખાતામાં કુલ ૧૬ હપ્તા મોકલી દીધા છે

નવી દિલ્હી, તા.૮

ભારત સરકાર દેશના ગરીબ ખેડૂતોને આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનું સંચાલન કરી રહી છે. આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ સરકાર દર વર્ષે ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડે છે. ૬ હજાર રૂપિયાની આ આર્થિક સહાય ખેડૂતોના ખાતામાં ત્રણ હપ્તાના રૂપમાં આપવામાં આવે છે. દરેક હપ્તો ૪ મહિનાના અંતરે ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવે છે. અત્યાર સુધીમાં સરકારે ખેડૂતોના ખાતામાં કુલ ૧૬ હપ્તા મોકલી દીધા છે. આવી સ્થિતિમાં દેશભરના કરોડો ખેડૂતો હવે ૧૭મા હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ શ્રેણીમાં, ચાલો જાણીએ કે ભારત સરકાર પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો ક્યારે બહાર પાડી શકે છે.જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, ભારત સરકાર જૂન અથવા જુલાઈ મહિનામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો જાહેર કરી શકે છે. જો કે, સરકારે હજુ સુધી હપ્તાના નાણાં ટ્રાન્સફર કરવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.જો તમે પણ યોજનાનો લાભ લેવા માંગતા હોવ તો. આવી સ્થિતિમાં, તમારે શક્ય તેટલી વહેલી તકે યોજનામાં તમારા જમીનના રેકોર્ડની ચકાસણી કરાવવી જોઈએ. અન્યથા તમને યોજનાનો લાભ નહીં મળે. જે ખેડૂતોએ યોજના હેઠળ હજુ સુધી તેમનું ઈ-કેવાયસી કરાવ્યું નથી. ૧૭મા હપ્તાના પૈસા તેના ખાતામાં પણ આવશે નહીં. આવી સ્થિતિમાં, લાભ મેળવવા માટે, તમારે આ મહત્વપૂર્ણ કાર્ય શક્ય તેટલું જલ્દી કરવું જોઈએ. આ ઉપરાંત જે ખેડૂતોએ યોજના માટે અરજી કરતી વખતે ખોટી માહિતી દાખલ કરી હતી. તેમને પણ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૧૭મા હપ્તાનો લાભ નહીં મળે.

### પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો દાવો

# મોદી ફરી સત્તામાં આવ્યા તો તમામ વિપક્ષી નેતા જેલમાં હશે

## જે રીતે તેઓ કહી રહ્યા છે કે ચૂંટણીના પરિણામો બાદ ભ્રષ્ટાચાર પર વિપક્ષો સામે કાર્યવાહી કરવામાં આવશે, તે અસ્વીકાર્ય છે

કોલકાતા, તા.૮,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે દાવો કર્યો કે, જો વડાપ્રધાન મોદી ત્રીજી વખત સત્તામાં આવ્યા તો તેઓ વિપક્ષના તમામ નેતાઓને જેલ હવાલે કરી દેશે. તેમણે કહ્યું કે ૪ જૂન બાદ ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી કરવાના વચનનો અર્થ એ છે કે લોકસભા ચૂંટણી બાદ વિપક્ષી નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. દેશમાં લોકસભા ચૂંટણીનું શરૂ રણશિંગુ ફૂંકાઈ ગયુ છે અને સાત તબક્કામાં યોજાનાર મતદાનની શરૂઆત ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કા સાથે થશે અને મત ગણતરી ૪ જૂને થશે. બાંકુરામાં એક ચૂંટણી સભાને સંબોધતા તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષે આરોપ લગાવ્યો કે NIAની ટીમ સ્થાનિક પોલીસને જાણ કર્યા વિના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગર ગઈ હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન ચૂંટણી સભાને સંબોધવા માટે પશ્ચિમ બંગાળ આવી રહ્યા છે. મને તેનાથી કોઈ વાંધો નથી, પરંતુ જે રીતે તેઓ કહી રહ્યા છે કે લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ભ્રષ્ટાચાર પર વિપક્ષો સામે કાર્યવાહી કરવામાં આવશે, તે અસ્વીકાર્ય છે. મોદીએ રવિવારે ઉત્તર બંગાળના જલપાઈગુડીમાં એક ચૂંટણી સભાને સંબોધિત કરતા દાવો કર્યો હતો કે તેઓ ભ્રષ્ટાચાર હટાવવાની વાત કરે છે, જ્યારે વિપક્ષ ભ્રષ્ટાચાર બચાવવાની વાત કરે છે. તેમણે વચન આપ્યું કે ૪ જૂન બાદ ભ્રષ્ટાચાર સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. મમતા બેનર્જીએ કહ્યું કે, શું વડાપ્રધાને આ પ્રકારની વાત કરવી જોઈએ? જો હું કહું કે ચૂંટણી પછી ભાજપના નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવશે તો શું થશે? પરંતુ હું આમ નહીં કહું કારણ કે લોકતંત્રમાં તે અસ્વીકાર્ય છે. તેમણે આરોપ લગાવ્યો કે, હકીકતમાં મોદીની ગેરંટી'નો અભિપ્રાય ૪ જૂન પછી તમામ વિપક્ષી નેતાઓને જેલમાં ધકેલી દેવાનો છે. શનિવારે ર્દ્રૈંછ ટીમ શનિવારે ભીડે કથિત રીતે એ સમયે હુમલો કરી દીધો હતો જ્યારે તે ૨૦૨૨માં પૂર્વ મેદિનીપુર જિલ્લામાં વિસ્ફોટ મામલે બે શંકાસ્પદોની ધરપકડ કરવા ગઈ હતી.

### વડાપ્રધાન મોદીએ શેર કરી તસવીર

# દરેક બીમારીનો ૨૦ રૂપિયામાં ઈલાજ કરે છે આ દિગ્ગજ ડોક્ટર

## નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના જબલપુર પહોંચતા પદ્મશ્રીથી સન્માનિત ડો. એમસી ડાવર સાથે મુલાકાત કરી હતી

જબલપુર, તા.૮, સૌ કોઈ જાણે છેકે, દેશ અને દુનિયાભરમાં પ્રધાનમંત્રી મોદીના કરોડો ફેન ફોલોઅર્સ છે. વિદેશમાં પણ પીએમ મોદીની એક ઝલક મેળવવા લોકો પડાપડી કરતા હોય છે. સેંકડો લોકો પીએમ મોદી સાથેની તસવીરો પોતાના ડીપીમાં રાખતા હોય છે. તો ઘણાં લોકો એને સોશિયલ મીડિયામાં શેર કરતા હોય છે. એવામાં એ ડોક્ટર કોણ છે જેને મળીને જેની સાથેની તસવીર ખુદ પ્રધાનમંત્રીએ પોતાના સોશિયલ મીડિયા પર શેર કરી. આ મુદ્દો હાલ ચર્ચામાં છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે મધ્યપ્રદેશના જબલપુર પહોંચતા પદ્મશ્રીથી સન્માનિત ડૉ. એમસી ડાવર સાથે મુલાકાત કરી. ડો.દાવર ગરીબોની સારવાર કરે છે, તેથી સમાજમાં તેમની એક ખાસ ઓળખ છે. પીએમ મોદીએ એક્સ પર એરપોર્ટ પર ડૉ. દાવર સાથેની તેમની મુલાકાતની તસવીર શેર કરી હતી. તેણે લખ્યું છે કે, જબલપુર ઉતર્યા બાદ મને એરપોર્ટ પર પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત ડૉ. એમસી દાવરને મળવાનો મોકો મળ્યો. ચાલો જાણીએ કોણ છે ડૉ.ડાવર? ડૉ. દાવર ગરીબ અને પછાત વર્ગોની સાથે રહીને તેમની તકલીફો દૂર કરે છે, સાવ સસ્તામાં તેમનો ઈલાજ કરે છે. એજ કારણ છેકે, જબલપુર અને આસપાસના વિસ્તારોમાં લોકો તેમની પ્રશંસા કરે છે. ડો.દાવર ભારતીય સેનામાં કેપ્ટન તરીકે તૈનાત હતા.૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ડો.દાવર બાંગ્લાદેશમાં તૈનાત હતા, જ્યાં તેમણે સેંકડો ઘાયલ સૈનિકોની સારવાર કરી હતી.આટલું જ નહીં, યુદ્ધ સમાપ્ત થયા પછી, સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે તેણે અકાળ નિવૃત્તિ લીધી. તે પછી, ૧૯૭૨ થી, તે જબલપુરના મદન મહેલ વિસ્તારમાં ક્લિનિક ચલાવે છે અને સારવાર આપે છે. તે એક ડૉક્ટર છે જે ગરીબોની સારવારમાં વ્યસ્ત છે. તેની ફી માત્ર ૨૦ રૂપિયા છે. દાવરનો જન્મ ૧૯૪૬માં અવિભાજિત પાકિસ્તાનમાં થયો હતો. પરંતુ તેણે જબલપુરથી સ્મ્મ્જીનો અભ્યાસ કર્યો હતો. બાદમાં તે સેનામાં જોડાયો. ૧૯૮૬માં તેઓ સારવાર માટે આવતા દર્દીઓ પાસેથી ૨ રૂપિયા લેતા હતા. બાદમાં ફી વધારીને ૩ રૂપિયા કરવામાં આવી હતી.વર્ષ ૧૯૯૭માં તેની ફી ૫ રૂપિયા અને ૨૦૧૨માં ૧૦ રૂપિયા થઈ ગઈ. આજે તે માત્ર ૨૦ રૂપિયામાં દર્દીઓની સારવાર કરે છે. તે એક દિવસમાં લગભગ ૨૦૦ દર્દીઓને જુએ છે. ઉલ્લેખનીય છે કેઁ સ્નરેન્દ્ર મોદીએ રવિવારે સ્ઁના જબલપુરમાં રોડ શો કર્યો હતો. આ રોડ શોમાં રસ્તાઓ પર લોકોની ભીડ જોવા મળી હતી. આ દરમિયાન એમપીના મુખ્યમંત્રી મોહન યાદવ પણ હાજર હતા. આ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે. અહીં પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે મતદાન થશે.

### ચીનનું ઘમંડ ઉતારશે ભારત

# ભારતે હવે ૧૦૦ અબજ ડોલરનો બનાવ્યો પ્લાન

## ચીન પર નિર્ભરતા ઘટાડવા અમેરિકા અને યુરોપિયન દેશો હવે ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૮

ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. વાસ્તવમાં, ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે.

જ્યારથી કોવિડ શરૂ થયો ત્યારથી ત્યાં ઉત્પાદન અને પુરવઠો અટકી ગયો છે. ત્યારથી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને લઈને સર્વત્ર શંકાઓ ઉભી થઈ છે. હવે વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે. એક સમયે વૈશ્વિક અર્થતંત્રનું એન્જિન કહેવાતા ચીન પરનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે. અમેરિકા સાથેના સંઘર્ષ બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. અમેરિકન કંપનીઓ સતત પોતાના માટે નવું ઘર શોધવાનો પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં હવે અમેરિકન અને યુરોપિયન કંપનીઓ ચીનના પાડોશી દેશ ભારતને ખૂબ પસંદ કરી રહી છે.ચીનમાં સ્થિતિ અસ્થિર થતાં જ એપલ ભારત તરફ વળ્યું. તે પછી, વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક એપલે કહ્યું કે ભારત એકમાત્ર એવો દેશ છે જે ચીનનું સ્થાન લઈ શકે છે. જે બાદ અન્ય કંપનીઓ પણ ધીમે ધીમે પરંતુ ચોક્કસ ભારત તરફ વળે છે. બીજી તરફ આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે પણ એક એવી યોજના બનાવી છે, જેનાથી ૧૦૦ અબજ ડોલરથી વધુની કમાણી થઈ શકે છે એટલે કે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુ એક જ ઝાટકે ગાયબ થઈ જાય છે. ચાલો તમને એ પણ જણાવીએ કે ભારત સરકાર દ્વારા આવી કઈ યોજના બનાવવામાં આવી છે. ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજાવિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે. એટલે કે ચીનમાંથી બહાર આવતા કોઈપણ રોકાણકારે માત્ર ભારત તરફ જ વળવું જોઈએ.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, DPIIT સચિવ રાજેશ કુમારે માહિતી આપી છે કે સરકારનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં સરેરાશ ૧૦૦ અબજ ડોલરનું રોકાણ વધારવાનું છે. FDIને લઈને દેશમાં વાતાવરણ સંપૂર્ણપણે હકારાત્મક છે. તેમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. માર્ચ ૨૦૨૩ સુધીના છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં દર વર્ષે સરેરાશ $70 બિલિયનનું રોકાણ આવ્યું છે. જે ચાલુ નાણાકીય વર્ષમાં વધારીને ૧૦૦ અબજ ડોલર કરવામાં આવી છે. હાલમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. જ્યાં કેટલીક કંપનીઓ પોતાના દમ પર ભારત આવી રહી છે. તેથી હજુ પણ કેટલીક કંપનીઓ છે જે ચીનનો વિકલ્પ શોધી રહી છે. ભારત આવી કંપનીઓને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે.સરકાર આંતરરાષ્ટ્રીય કંપનીઓને ઉત્પાદનને વેગ આપવા અને વિશ્વની સૌથી મોટી સપ્લાયર બનવા માટે પ્રોત્સાહનો આપી રહી છે. જેને PLI નામ પણ આપવામાં આવ્યું છે. Apple, Samsung આ PLI સ્કીમનો લાભ લઈ રહ્યા છે. તે પછી પણ દેશમાં મેન્યુફેક્ચરિંગમાં એફડીઆઈ અપેક્ષા મુજબ આવ્યું નથી. આ અંગે રાજેશ કુમાર સિંહે મીડિયા રિપોર્ટમાં જણાવ્યું કે વિકસિત દેશોમાં મોંઘવારી વધુ છે. ઉપરાંત, ઉભરતા બજારો સંબંધિત ભૌગોલિક-રાજકીય તણાવ અને ઉચ્ચ જોખમ પરિબળને કારણે, FDI ઓછું જોવા મળી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે આ બધું હોવા છતાં, ભારતમાં અન્ય ક્ષેત્રો જેમ કે ઈફ, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અન્ય ઉપભોક્તા ચીજવસ્તુઓમાં વૃદ્ધિની ઘણી સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે સરકાર FDI નિયમોને વધુ સરળ બનાવવા પર કામ કરશે.દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા જ મેન્યુફેક્ચરિંગનો હિસ્સો વધારવાની વાત કરી ચૂક્યા છે. DPIITમાં સેક્રેટરી રાજેશ કુમાર સિંઘના જણાવ્યા અનુસાર, સરકાર PLI દ્વારા મેન્યુફેક્ચરિંગ વધારી રહી છે અને ટેલિકોમ અને ઓટો ઘટકોની આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માહિતી આપતાં તેમણે કહ્યું કે હાલમાં દેશમાં લગભગ ૩૯ નવા મેડિકલ કમ્પોનન્ટ્સનું ઉત્પાદન થઈ રહ્યું છે જેનું ઉત્પાદન પહેલાં ક્યારેય થયું ન હતું. સરકાર ઘણા નવા ઔદ્યોગિક કોરિડોર બનાવવાની યોજના બનાવી રહી છે. નવી સરકાર રચાયાના ૧૦૦ દિવસમાં આ કોરિડોરને મંજૂરી મળી જશે તે નિશ્ચિત છે. રાજેશ કુમાર સિંહે કહ્યું કે એ વાત સાચી છે કે પીએલઆઈ સ્કીમના કારણે સ્ટીલ અને ટેક્સટાઈલમાં ખૂબ જ ધીમી વૃદ્ધિ થઈ છે.

# કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજેની કારે એક યુવાનનો જીવ લીધો

## મંત્રીની કારનો દરવાજો ખૂલતાની સાથે જ પ્રકાશ તેની સાથે અથડાયો હતો અને ટ્રક તેની ઉપરથી પસાર થઇ ગઇ

બેંગ્લુરુ, તા.૮

કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજેની કારે એક યુવાનનો જીવ લીધો છે. બેંગ્લુરુમાં પ્રચાર માટે આવેલા કેન્દ્રીય મંત્રીની દોડતી કારનો દરવાજો ખુલી ગયો હતો, પાછળથી આવતા બાઈક સવાર તે દરવાજો સાથે ટકરાયો હતો અને નીચે પડી ગયો હતો, પાછળ આવતી ટ્રક તેના પર ફરી વળી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના કેઆર પુરમ વિસ્તારમાં ગણેશ મંદિર પાસે બની હતી. મૃતકની ઓળખ પ્રકાશ તરીકે થઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મંત્રી કારની અંદર હતા અને તે પ્રચાર માટે જઈ રહી હતી. મંત્રીની કારનો દરવાજો ખૂલતાની સાથે જ પ્રકાશ તેની સાથે અથડાયો હતો અને પાછળથી આવી રહેલી એક ટ્રક તેની ઉપરથી પસાર થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કરંદલાજેએ બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે પ્રકાશ (મૃતક) ભાજપના કાર્યકર હતા અને તેમના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. "અમે બધા દુઃખી છીએ. પ્રકાશ અમારા સમર્પિત કાર્યકર હતા, જે ચોવીસ કલાક અમારી સાથે રહેતા હતા. અમે તેમના પરિવાર સાથે છીએ. અમે અમારા પાર્ટી ફંડમાંથી વળતર ચૂકવીશું," મંત્રીએ કહ્યું.

### ગુજરાતમાં ૭ મેના રોજ ચૂંટણી માટે મતદાન થશે

# લોકસભાની ચૂંટણીમાં મતદાનના દિવસે ગુજરાતમાં જાહેર રજા રહેશે

## લોકસભા અને પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમાં નાગરિકો મતદાન કરવા જઈ શકે તેને લઈને નિર્ણય લેવામાં આવ્યો

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં ૭ મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થશે. ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠક પર અને વિધાનસભાની ૫ બેઠક પર પેટાચૂંટણીનું મતદાન થશે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા મતદાનના દિવસે રજા જાહેર કરાઈ છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રજાની જાહેરાત કરાઈ છે. જેથી લોકસભા અને પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમાં નાગરિકો મતદાન કરવા જઈ શકે. લોકસભા ચૂંટણીને લઈ ચૂંટણી પંચ તૈયારીઓ કરી રહ્યું છએ. લોકસભા ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચદ્વારા વિડીયો કોન્ફરન્સ આયોજિત કરાઈ છે. જેમાં રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા પોલીસ વડા સાથે ચૂંટણી પંચની વીડિયો કોન્ફરન્સ યોજાશે. આ કોન્ફરન્સમાં રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા થશે. પોસ્ટલ બેલેટ, ચૂંટણીમાં રાજકીય પક્ષોની મંજૂરીઓ, કાયદો વ્યવસ્થા તથા ફ્લાઈંગ સ્ક્વોડની કામગીરી પર સમીક્ષા થશે. રાજ્ય સરકારના સિનિયર ચાર આઈએસ અધિકારીઓ આગામી ૨૬ એપ્રિલ સુધી ટ્રેનિંગમાં જતા હોવાના કારણે અન્ય સિનિયર આઈએએસ અધિકારીઓને ચાર્જ સોંપાયો છે. રાજ્યના ચાર સિનિયર આઈએએસ ટ્રેનિંગ પર મસુરી જશે. જેથી ૪ આઈએએસ અધિકારીઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાયો છે. અંજૂ શર્મા, મોના ખંધાર, મમતા વર્મા તથા મુકેશ કુમાર ટ્રેનિંગ પર મસુરી જશે. જેથી તેમના બદલે અનુપમ આનંદ, મનીષા ચંદ્રા, ધનંજય દ્વીવેદી, એમ કે દાસ સહિત સાત અધિકારીઓને ચાર્જ સોંપાયો છે.

### કેજરીવાલના PAની પણ પૂછપરછ

# EDએ AAP નેતા દુર્ગેશ પાઠકને સમન્સ મોકલ્યું

## દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા પણ એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં જેલનો સામનો કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૮

દિલ્હીના લીકર કૌભાંડમાં આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ દિવસેને દિવસે વધી રહી છે. હમણાં થોડા દિવસ પહેલા સંજય સિંહને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતાં. જે બાદ હવે EDએ આ કેસમાં AAP નેતા દુર્ગેશ પાઠકને સમન્સ મોકલ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દુર્ગેશ પાઠકને પૂછપરછ માટે બોલાવ્યા છે. દિલ્હીના સીએમ અને AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ લીકર કૌભાંડમાં જેલમાં છે. તેમના સિવાય દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા પણ એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં જેલનો સામનો કરી રહ્યા છે.ED હાલમાં આ બહુચર્ચિત કેસમાં અરવિંદ કેજરીવાલના અંગત સહાયક (PA)બિભવ કુમારની પૂછપરછ કરી રહી છે. આ દરમિયાન સોમવારે EDએ દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં AAP નેતા દુર્ગેશ પાઠકને સમન્સ મોકલ્યું છે. આ મામલે સુત્રોએ જણાવ્યું કે, લીકર કૌભાંડમાં કેટલાક દસ્તાવેજોની તપાસ અંગે બિભવ કુમારની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ બાબતે એક અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું કે, 'ગોવા વિધાનસભા ચૂંટણીમાં કરવામાં આવેલી રોકડ ચૂકવણી અંગે કેટલાક નિવેદનો લીધા છે, જેની તપાસ એજન્સીએ કરી હતી, આ નિવેદનોમાં દુર્ગેશ પાઠકનું નામ સામે આવ્યું છે. માહિતી પ્રમાણે દુર્ગેશ પાઠક બપોર પછી ED ઓફિસમાં હાજર થઈ શકે છે. તે પછી એવું માનવામાં આવી રહ્યું છે કે, તપાસ એજન્સી દુર્ગેશ પાઠકને આ રોકડ વ્યવહારને સંબંધિત પૂછપરછ કરી શકે છે. EDએ આરોપ લગાવ્યો છે કે, સાઉથ ગ્રુપ પાસેથી હવાલા દ્વારા ૪૫ કરોડ રૂપિયાની લાંચ લેવામાં આવી હતી. આ રુપિયાનો ઉપયોગ આમ આદમી પાર્ટીએ વર્ષ ૨૦૨૧-૨૨ ગોવા વિધાનસભા દરમિયાન ચૂંટણી પ્રચાર માટે કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પૂર્વ ડેપ્યુટી સીએમ અને AAP નેતા મનીષ સિસોદિયાના નજીકના માનવામાં આવતાં દિનેશ અરોરાના નિવેદન પર તપાસ એજન્સીએ આ દાવો કર્યો છે. આ ઉપરાંત એજન્સી દ્વારા વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ચૂંટણી પ્રચારમાં નીચેના લેવલે કામ કરનારા લોકોને રોકડ ચૂકવણી કરવામાં આવી હતી. જેમાં દરેક વર્કર્સ, એરિયા મેનેજર, એસેમ્બલી મેનેજર વગેરેનો સમાવેશ થાય છે. આ લોકોનું સંચાલન AAPના કોમ્યુનિકેશન ઈન્ચાર્જ વિજય નાયર અને દિલ્હીના ધારાસભ્ય દુર્ગેશ પાઠક કરતાં હતા.

### આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ

# અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનના સમયમાં ફેરફાર કરાયો

## દર્શનાર્થીઓને દર્શન આરતીનો લાભ સરળતાથી મળી રહેતે માટે નિર્ણય લેવાયો

અંબાજી, તા.૮

વર્ષ ૨૦૨૪માં ૯મી એપ્રિલથી ચૈત્ર નવરાત્રિ શરૂ થઈ રહી છે. હિંદુ ધર્મમાં ચૈત્રી નવરાત્રિનું ઘણું મહત્વ છે. ત્યારે આજથી અંબાજી મંદિરમા ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ કરાશે. ત્યારે યાત્રાધામ અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ ભરતભાઈ પાધ્યાએ જણાવ્યું કે, અંબાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીએ આવતા આવતા હજ્જારો દર્શનાર્થીઓને દર્શન આરતીનો લાભ સરળતાથી મળી રહે અને વધુ સમય માટે મળી રહે તેવા આશયથી અંબાજી મંદિરમાં વિક્રમ સંવતના નવા વર્ષથી એટલે કે ૯ એપ્રિલથી ચૈત્રી નવરાત્રીથી દર્શન આરતીનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી ચૈત્રી નવરાત્રીએ અંબાજીએ આવતા ભાવિક ભક્તોએ આ બાબતની ખાસ નોંધ લેવી.

●સવારે આરતી:- ૦૭.૦૦ થી ૦૭.૩૦ ●ઘટ સ્થાપન સવારે - ૯.૧૫ થી ૯.૪૫ ●સવારે દર્શન:- ૦૭.૩૦ થી ૧૧.૩૦ ● બપોરે દર્શન:- ૧૨.૩૦થી ૧૬.૩૦સુધી ●સાંજ ની આરતી:- ૧૯.૦૦ થી ૧૯.૩૦ ● જ્યારે સાંજે દર્શન:- ૧૯.૦૦ થી રાત્રી નાં ૨૧.૦૦ સુધી ખુલ્લા રહેશે ચૈત્ર સુદ આઠમ તારીખ ૧૬ એપ્રીલના સવારે આરતી ૬.૦૦ કલાકે થશે

ચૈત્રી પુનમ તારીખ ૨૩ એપ્રીલના સવારે આરતી ૬.૦૦ કલાકે થશેવર્ષ દરમિયાન આસો અને ચૈત્રી આમ બે નવરાત્રીનું મહત્વ હોય છે. વસંતીય ચૈત્રી નવરાત્રીને લઈ અંબાજી મંદિરમાં યાત્રિકોની ભારે ભીડ રહેતી હોય છે. લોકો પણ માતાજીનાં દર્શને ખાસ પધારી આરતીનો લ્હાવો લેતા હોય છે. હિન્દુ ધર્મમાં નવરાત્રિના દિવસનું ખૂબ મહત્વ છે. આ નવ દિવસોમાં દેવી ભગવતીની પૂજા કરવામાં આવે છે. ચૈત્ર નવરાત્રી મંગળવાર ૯ એપ્રિલથી શરૂ થઈ રહી છે. નવરાત્રિમાં કન્યા પૂજન અને હવનનું વિશેષ મહત્વ છે. નવરાત્રિ દરમિયાન અષ્ટમી અને નવમીના દિવસોમાં કન્યા પૂજા કરવામાં આવે છે. નવરાત્રિ ઉપવાસ કન્યા પૂજા વિના પૂર્ણ માનવામાં આવતા નથી. તા. ૦૯/૦૪/૨૦૨૪ મંગળવાર ચૈત્ર માસની નવરાત્રી પ્રારંભ થાય છે. સૂર્યોદય વ્યાપીની એકમ તિથિ છે પણ બપોરે ૨:૧૭ સુધી વૈધુતિ યોગ છે માટે કેટલાક મત મુજબ ઘટ સ્થાપન અભિજિત મુહૂર્તમાં કરવું યોગ્ય ગણાય. ઘટ સ્થાપન સમય: બપોરે ૧૨:૨૦ થી ૧૨:૫૫.માર્ગદર્શન મુજબ વ્રત આરંભ એકમના દિવસે ઘટ સ્થાપન કરી નવ દિવસ સુધી પૂજા કરાય છે, વ્રત રખાય છે, બ્રહ્મચર્ય અને ઉપવાસ કે એકહાર કરીને એક ચિત્તે ભક્તિ કરવામાં આવે છે, ઘટ સ્થાપન ના પણ ગૂઢ રહસ્ય છે તેમનું એક કેટલાક વિદ્વાનો પાસે થી જાણવા મળે છે કે જેમ સૃષ્ટિમાં પંચ તત્વ છે શરીરમાં પંચ ઈન્દ્રિય છે તેમ ઘટ સ્થાપનની એક સમજૂતીમાં... ઘટ એટલે જમીન તત્વ, દીપ એટલે અગ્નિ તત્વ, શ્રીફળ એટલે જળ તત્વ દિપ માટે સહયોગી હવા એટલે વાયુ તત્વ અને ઉપર ઉર્જા એટલે આકાશ તત્વ, આ પાંચ તત્વ દ્વારા મનુષ્યની પાંચ ઈન્દ્રિયો ને સંતુલિત કરી જીવન ને સુખ, શાંતિ, સંતતિ,સદગતિ અને મોક્ષ પ્રદાન કરવામાં આશીર્વાદ રૂપ બને છે.

### લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો

# ઓમર અબ્દુલ્લાએ કોંગ્રેસ સાથે ગઠબંધનની જાહેરાત કરી

## કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની ૬ લોકસભા સીટો પર ઈન્ડિયા ગઠબંધન હેઠળ ચૂંટણી લડશે

જમ્મુ, તા.૮

લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. એક તરફ બીજેપી ૪૦૦ પ્લસનો દાવો કરી રહી છે તો બીજી તરફ વિપક્ષી પાર્ટીઓ નરેન્દ્ર મોદીના વિજય રથને રોકવા માટે ગઠબંધન કરવાનો પ્રયાસ કરી રહી છે. આ શ્રેણીમાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની ૬ લોકસભા સીટો પર ઈન્ડિયા ગઠબંધન હેઠળ એકસાથે ચૂંટણી લડવા જઈ રહી છે. આ સંદર્ભે બેઠક વહેંચણી અંગેની વાતચીત પણ દાખલ કરવામાં આવી છે અને સોમવારે તેની જાહેરાત કરવામાં આવી હતી.

દિલ્હીમાં નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ સાથે ગઠબંધનની જાહેરાત કરી હતી. કોંગ્રેસના નેતાઓ સલમાન ખુર્શીદ અને પવન ખેડા સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદે કહ્યું કે જમ્મુ-કાશ્મીર દરેક બાબતમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. જમ્મુ-કાશ્મીરથી જે સંદેશ જાય છે તે ખૂબ જ દૂર જાય છે.

આ પછી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે આજે ખૂબ જ આનંદ સાથે કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં ઔપચારિક રીતે સાથે મળીને લડશે. અમને વિશ્વાસ છે કે ઈન્ડિયા ગઠબંધન આ ૬ બેઠકો જીતશે. બંને પક્ષો ૩-૩ બેઠકો પર ચૂંટણી લડશે. કોંગ્રેસ ઉધમપુર, જમ્મુ અને લદ્દાખ સીટો પર ચૂંટણી લડશે. જ્યારે નેશનલ કોન્ફરન્સ અનંતનાગ, શ્રીનગર અને બારામુલ્લામાંથી ઉમેદવારો ઉભા રાખશે.

ભાજપ પર નિશાન સાધતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે ટાર્ગેટ રાખવા શું જાય છે. ૪૦૦ શું ૪૫૦, ૫૦૦ રાખી દો. કેન્દ્રીય એજન્સીઓ દ્વારા જે રીતે દરોડા અને ધરપકડો કરવામાં આવી રહી છે તે જોઈને લાગે છે કે ભાજપ ગભરાટમાં છે.

હાલમાં બંને પક્ષોએ ત્રણ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે ઉધમપુરથી લાલ સિંહ અને જમ્મુથી રમણ ભલ્લાને ટિકિટ આપી છે. તે જ સમયે, નેશનલ કોન્ફરન્સે પ્રભાવશાળી ગુર્જર નેતા અને પૂર્વ મંત્રી મિયાં અલ્તાફને અનંતનાગથી પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. બાકીની બેઠકો માટેના ઉમેદવારોની પણ વહેલી તકે જાહેરાત કરવામાં આવશે.

### લોકસભા ચૂંટણી પહેલા ખાલિસ્તાની આતંકી પન્નુની ધમકી

# ગુરપતવંત સિંહ પન્નુએ ફરી ભારત વિરૂદ્ધ ઝેર ઓક્યું

## વીડિયોમાં પન્નુએ મોદી સરકાર સામે મોરચો ખોલવા અને ચૂંટણીમાં મોદી વિરુદ્ધ ષડયંત્ર રચવાની વાત કરી

નવી દિલ્હી, તા.૮

ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ પન્નુએ ફરી ભારત વિરૂદ્ધ ઝેર ઓક્યું છે. તેમણે એક વીડિયો જાહેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ.જયશંકરને પડકાર ફેંક્યો છે. વીડિયોમાં પન્નુએ મોદી સરકાર સામે મોરચો ખોલવા અને ૧૯મી એપ્રિલથી શરૂ થઈ રહેલી લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન મોદી વિરુદ્ધ ષડયંત્ર રચવાની વાત કરી હતી. પન્નુના લગભગ ત્રણ મિનિટના લાંબા વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહના નિવેદનો પણ બતાવવામાં આવ્યા છે. જેમાં એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, 'જે કોઈ ભારત વિરુદ્ધ ષડયંત્ર રચવાનો પ્રયાસ કરશે તેની સામે સરકાર કડક કાર્યવાહી કરશે. એક રેલીને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન મોદી કહી રહ્યા છે કે આજનું ભારત નવું ભારત છે, જે પણ ભારત વિરુદ્ધ કામ કરે છે તેના ઘરમાં ઘૂસીને મારશે. આ ઉપરાંત પન્નુએ પ્રતિબંધિત સંગઠન શીખ્સ ફોર જસ્ટિસના લોકોને ચૂંટણી રેલીઓમાં ભાજપના નેતાઓ વિરોધ કરવા અપીલ કરી હતી. ચોથી એપ્રિલે જમુઈમાં જાહેર રેલી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને દાવો કર્યો હતો કે, 'યુપીએ શાસન દરમિયાન ભારતને એક નબળો દેશ માનવામાં આવતો હતો. ભારતમાં નાના દેશોના આતંકવાદીઓ હુમલા કરતા હતા અને કોંગ્રેસ અન્ય દેશોને તેની ફરિયાદ કરતી હતી, પરંતુ આજે ભારત દુશ્મનના ઘરમાં ઘૂસીને હુમલો કરી શકે છે. સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોમાં પન્નુએ કહ્યું કે, ખાલિસ્તાન તરફી શીખોએ સતત કેનેડા પ્રત્યે વફાદારી દર્શાવી છે. આ પછી તેણે ભારત-કેનેડિયન હિન્દુઓને ધમકી આપીને દેશ છોડવા કહ્યું. નોધનીય છે કે, વર્ષ ૨૦૨૩માં પન્નુને એક નવો વીડિયો જાહેર કર્યો હતો જેમાં શીખોને ૧૯મી નવેમ્બર પછી એર ઈન્ડિયાના વિમાનમાં ન ઉડવાનું કહ્યું હતું, કારણ કે તેમનો જીવ જોખમમાં હોઈ શકે છે.

### સુપ્રિયા તાઈ ફજી સુનેત્રા ભાભી !

# મહારાષ્ટ્રની બારામતીમાં પવાર પરિવાર વચ્ચે જામ્યો ચૂંટણી જંગ

## બારામતી સીટ પર અજીત પવારના પત્ની સુનેત્રા પવાર મેદાનમાં છે તો સામે શરદ પવારના પુત્રી સુપ્રીયા સુલે મેદાનમાં છે

મુંબઈ, તા.૮

રાજકારણની વાત હોય અને મહારાષ્ટ્રનું નામ ન આવે તેવું કઈ રીતે બની શકે. આ વખતે મહારાષ્ટ્રમાં NDA સામે મહાવિકાસ આઘાડીનો મહાજંગ છે... જોકે સૌથી વધુ રસપ્રદ બેઠક છે બારામતી. જે પવાર ફેમિલીનો ગઢ કહેવાય છે. જોકે પવાર પરિવારમાં જ બે ફાંટા પડ્યા બાદ આ ગઢ પર કોણ રાજ કરશે તે મોટો સવાલ છે કેમ કે આ જંગમાં એક તરફથી સુપ્રિયા તાઈ.. તો બીજા તરફ છે અજીત દાદાના પત્ની સુનેત્રી ભાભી. જોકે વારસાની આ જંગમાં કોણ હક્કદાર બનીને નીકળે છે તે સમય બતાવશે. લોકસભા ચૂંટણીમાં સુપ્રિયા તાઈ તો વિધાનસભા ચૂંટણીમાં અજીત દાદાના નામ અને નારા વચ્ચે જ બારામતીનું સમગ્ર રાજકારણ ચાલતું હતું.. પરંતુ ૫૫ વર્ષ બાદ હવે બારામતીમાં એવો સમય આવ્યો છે કે, લોકોએ તાઈ અને દાદામાંથી કોઈ એકની પસંદગી કરવાની છે.એટલે જ ૨૪ના ચૂંટણી જંગમાં બેટલ ઓફ બારામતીની ચારે બાજુ ચર્ચા થઈ રહી છે.બારામતીથી જીતની હેટ્રીક લગાવી ચુકેલ સુપ્રીયા સુલે શરદ પવારની પાર્ટી તરફથી જીતનો ચોક્કો મારવાની તૈયારી કરી રહી છે તો બીજી તરફ NDA તરફથી NCP પ્રમુખ અને અજીત પવારના પત્ની સુનેત્રા પવાર મેદાને છે.. NDA ગઠબંધન અંતર્ગત બારામતી બેઠક અજીત પવારની NCP પાર્ટીને મળી છે. પરંતુ ભાજપ આ બેઠકને દ્રઢછ તરફથી જીતવા પૂર્ણ તાકાત લગાવી રહ્યું છે. દેવેન્દ્ર ફડણવીસે તો બારામતીમાં પવાર ફેક્ટરને નકારીને આ લડાઈ મોદી અને રાહુલ ગાંધી વચ્ચે હોવાનો દાવો કર્યો. બારામતીની લડાઈને ભાજપ પવાર ફેક્ટરથી હટાવીને મોદી વર્સિસ રાહુલ કેમ કરવા માગે છે, તે પ્રશ્નનો જવાબ મેળવવા ભૂતકાળ પર નજર કરવી પડે. વર્ષ ૧૯૬૭માં શરદ પવાર પહેલીવાર બારામતીથી ધારાસભ્ય બન્યા તો વર્ષ ૧૯૮૪માં શરદ પવાર પહેલીવાર બારામતીથી સાંસદ પણ બન્યા.. અને આ બેઠકથી જ તેઓ કુલ ૬ વાર સંસદ ગયા.. શરદ પવાર બાદ તેમની પુત્રી સુપ્રિયા સુલે ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં બારામતીથી સંસદ તરીકે ચૂંટાયા.. જ્યારે કે ૧૯૯૧થી અજીત પવાર સતત આ બેઠક પરથી ધારાસભ્ય બનીને વિધાનસભામાં જાય છે. જોકે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી લહેર હોવા છતા ભાજપ બારામતીમાં NCPના કિલ્લાને તોડી ન શક્યું.. પરંતુ આ વખતે ભાજપ કોઈ પણ સંજોગોમાં બારામતી જીતવા તૈયારી કરી રહ્યું છે. ગત વર્ષે જ એનસીપી બે જૂથમાં વહેંચાઈ ગઈ.. અજીત પવાર એનડીએમાં સામેલ થઈને નાયબ મુખ્યમંત્રી બન્યા.. તો શરદ પવાર ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે. ૨૦૨૩માં શરૂ થયેલી વારસાની આ લડાઈ હવે ૨૦૨૪માં બારામતીના દ્વારે આવીને ઉભી છે. જ્યારે અજીત પવારે રાખડી બાંધતી સુપ્રિયા સુલે વિરુદ્ધ જંગનું એલાન કરી દીધું. અને પત્ની સુનેત્રા પવારને મેદાને ઉતારવાની જાહેરાત કરી. ભાજપ ભલે ૨૦૧૪ અને ૨૦૧૯માં બારામતીમાં કમળ ન ખિલાવી શકી હોય , પરંતુ ૨૦૨૪માં ઘડીયાળ દ્વારા શરદ પવારનો સમય ખરાબ કરવાની તૈયારી જરૂર કરી રહ્યું છે.

### રેસકોર્સ બહુમાળી ચોકમાં જંગી સભાને સંબોધશે

# પરસોત્તમ રૂપાલા ૧૬મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરશે

## રાજકોટ લોકસભા મતવિસ્તારના ભાજપના અગ્રણીઓ આ સભામાં ઉપસ્થિત રહેશે : કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાશે

રાજકોટ, તા.૮

ક્ષત્રિયો સાથેના વિવાદ વચ્ચે રૂપાલાના ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખની જાહેરાત કરી દેવામાં આવી છે. મળતી જાણકારી અનુસાર, રાજકોટથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા ૧૬ એપ્રિલના રોજ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરશે.ઉમેદવારી પત્ર ભરતા અગાઉ રૂપાલા રાજકોટના રેસકોર્સ બહુમાળી ચોકમાં જંગી સભાને સંબોધશે.શહેર ભાજપે જંગી સભાને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી હતી. રાજકોટ લોકસભા મતવિસ્તારના ભાજપના અગ્રણીઓ આ સભામાં ઉપસ્થિત રહેશે. સાંસદ, ધારાસભ્યો, સંગઠનના હોદ્દેદારો પણ સભામાં હાજરી આપશે. રાજકોટ શહેર ભાજપના કોર્પોરેટરો પણ સભામાં ઉપસ્થિત રહેશે. સભાને લઈને કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. એક બાજુ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા પરસોત્તમ રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે તો બીજી તરફ રાજકોટ શહેર ભાજપ દ્વારા તેમની સભાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજકોટના રેસકોર્સ બહુમાળી ચોક આગામી ૧૬ તારીખે ભાજપે સભાનું આયોજન કર્યું હતું. રૂપાલા ૧૬ તારીખના રોજ ફોર્મ ભરશે. ફોર્મ ભરતા પહેલા રાજકોટના રેસકોર્સ બહુમાળી ભવન પાસે જંગી સભાને સંબોધશે. રૂપાલાની સભા પર સમગ્ર રાજ્યની નજર રહેશે.રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ તાજેતરમાં જ સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેઓએ લખ્યું છે કે, 'રાજકોટનો મક્કમ નિર્ધાર, ફરી એક વાર મોદી સરકાર !!'. ક્ષત્રિય સમાજના સખત વિરોધ અને વિવાદોની વચ્ચે આ ટ્વીટથી ફરીથી રાજકારણ ગરમાયું છે. ટ્વીટમાં રાજકોટનો મક્કમ નિર્ધાર, ફરી એકવાર મોદી સરકાર, લખવામાં આવ્યુ છે.

આ વીડિયોમાં પરશોત્તમ રૂપાલાને રાજકોટ શહેરના અલગ-અલગ કાર્યક્રમો અને પ્રચાર પ્રસાર કરતા બતાવવામાં આવ્યા છે. રાજ્યમાં એકબાજુ ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર વિરોધ પ્રદર્શનો અને સભાઓ ભરાઈ રહી તો, તો બીજીબાજુ પરશોત્તમ રૂપાલા દ્વારા વીડિયો શેર કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર અને જિલ્લામાં અત્યારે પરશોત્તમ રૂપાલાએ અત્યાર સુધીમાં મોટા ભાગનો પ્રચાર પૂર્ણ કરી લીધો છે.

### ભારતીય હવામાન વિભાગની આગાહી

# ૧૫ એપ્રિલની આસપાસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થઇ જશે

## ઉત્તરી કર્ણાટક, તેલંગાણા, પૂર્વી એમપી, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ઓડિશાના અલગ-અલગ ભાગમાં પારો વધી શકે

નવી દિલ્હી, તા.૮

ભારતીય હવામાન વિભાગ (IMD) એ પોતાના સાપ્તાહિક પૂર્વાનુમાનમાં કહ્યું કે આ અઠવાડિયાના અંત સુધી દિલ્હી ઉપરાંત ઉત્તર ભારત અને રાજ્યોમાં ગરમી વધવાની વાત કહી છે. આઈએમડીનું કહેવું છે કે ૧૫ એપ્રિલની આસપાસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થઈ જશે. જોકે અત્યારના સમયે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સમાં ઘટાડો થવા લાગે છે અને ભીષણ ગરમી શરૂ થઈ જાય છે. ગત કેટલાક દિવસોથી ઉત્તર-પશ્ચિમી પવનોએ લઘુત્તમ તાપમાનને નિયંત્રિત રાખ્યું છે, પરંતુ હવે તેને ખતમ થવાની આશા છે, હવા શાંત રહેવાની અને વધુ ગરમી થવાની સંભાવના છે.

આઈએમડી વૈજ્ઞાનિક કુલદીપ શ્રીવાસ્તવનું કહેવું છે કે છેલ્લા અઠવાડિયાથી ફૂંકાઈ રહેલા મજબૂત સપાટીના પવનો રવિવારે પણ ચાલુ રહ્યા હતા અને સરેરાશ ૨૫-૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. કુલદીપ શ્રીવાસ્તે જણાવ્યું હતું કે આગામી થોડા દિવસોમાં દિલ્હીનું લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી સુધી વધી શકે છે. ૧૫ એપ્રિલ સુધી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનું અનુમાન છે.

આઈએમડીના આંકડાથી ખબર પડે ચેહ કે ગત વર્ષે દિલ્હીમાં ૧૬ એપ્રિલ અને ૨૦૨૨ માં ૮ એપ્રિલના રોજ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. હવામાનનું અનુમાન લગાવનાર પ્રાઈવેટ કંપની સ્કાઈમેટના ઉપાધ્યક્ષ મહેશ પલાવતે કહ્યું કે ''ઉત્તર-પશ્ચિમી હવાઓ તાપમાને નીચે રાખવામાં મદદ કરી રહી હતી. આગામી અઠવાડિયામાં બફારો પણ વધશે.''

આઈએમડીનું માનીએ તો આગામી અઠવાડિયાના અંત સુધી ઉત્તરી કર્ણાટક, તેલંગાણા, પૂર્વી મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર,અ મરાઠવાડા અને ઓડિશાના અલગ-અલગ ભાગમાં રાતનો પારો વધી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૧૦ એપ્રિલ સુધી કેરળ, સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાનમાં વધારાને કારણે ગરમી વધી શકે છે. આ સિવાય ઓડિશા, પશ્ચિમ બંગાળ, કોસ્ટલ કર્ણાટક, કોંકણ અને ગોવામાં સપ્તાહના અંતે ૧૦ એપ્રિલ સુધી તાપમાનનો પારો વધવાનું અનુમાન છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૯ થી ૧૦ એપ્રિલની વચ્ચે ઓડિશામાં વિવિધ સ્થળોએ કરા પડવાની સંભાવના છે. આ ઉપરાંત પૂર્વ મધ્ય પ્રદેશમાં ૯ થી ૧૦ એપ્રિલ, વિદર્ભમાં ૯ થી ૧૦ એપ્રિલ, છત્તીસગઢ અને મરાઠવાડામાં કરા પડવાની સંભાવના છે.

### અત્યાર સુધી ૧.૫૫ લાખ અરજીઓ આવી છે

# ધોરણ-૧૨ અને કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પણ કરી શકશે અરજી

## ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાણકારી આપી

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં પોલીસ અને LRD ની ભરતી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યાં છે. આ વચ્ચે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે. આજે હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ઓજસ પર પોલીસ ભરતી માટે અરજી થઈ રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ ઉમેદવારોએ અરજી કરી છે. કુલ ૧.૧૮ લાખ અરજીઓ કન્ફર્મ થઈ છે. તેમણે કહ્યું કે ૧૦ લાખ જેટલી અરજીઓ થવાની સંભાવના છે. પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે કહ્યું કે, ધોરણ ૧૨ અને કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ પોલીસ ભરતીમાં અરજી કરી શકશે. એટલે કે રાજયમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુબ સારા સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતીમાં આ વિદ્યાર્થીઓને પણ તક મળશે. હસમુખ પટેલે કહ્યું કે લોકરક્ષક અને પીએસઆઈ ભરતી માટે ઉમેદવારોને ચોમાસા પછી શારીરિક પરીક્ષા પહેલા અરજી કરવાની તક મળશે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યુ કે રાજ્યમાં પોલીસ વિભાગના ૧૨૪૭૩ પદ પર ભરતી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ અરજીઓ આવી છે. ભરતી બોર્ડના ચેરમેને કહ્યું કે જો આ ઝડપે ફોર્મ ભરાય તો ૭.૫ લાખ અરજીઓ આવી શકે છે. તેમણે કહ્યું કે આશરે ૧૦ લાખ જેટલી અરજી થવી જોઈએ. હસમુખ પટેલે ઉમેદવારોને વહેલી તકે અરજી કરવાની પણ વિનંતી કરી હતી. હસમુખ પટેલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે ઉમેદવારો માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ઉમેદવારોને કોઈ પ્રશ્ન હોય તો હેલ્પલાઈન પરથી મદદ માંગી શકે છે. આ હેલ્પલાઈન નંબર ૮૧૬૦૮ ૮૦૩૩૧, ૮૧૬૦૮ ૫૩૮૭૭ છે. જો તમે પણ પોલીસ ભરતીમાં ફોર્મ ભરવા ઈચ્છો છો તો ઓજસ પર જઈને ઓનલાઈન ફોર્મ ભરી શકો છો.

# છોટાઉદેપુર જિલ્લાના ગામોમાં ભાજપની પ્રવેશબંધીના બેનર લાગ્યા

## જબુગામ સહિત આસપાસના ૨૦ જેટલા ગામમાં ભાજપના કાર્યકરો માટે પ્રવેશબંધી ફરમાવાઈ છે

છોટાઉદેપુર, તા.૮

છોટાઉદેપુર જિલ્લાના પણ કેટલાય ગામોમાં ભાજપની પ્રવેશબંધીના બેનર લગાવવામાં આવ્યા છે. જેમાં ભાજપના નેતાઓને તથા કાર્યકરોને ચૂંટણી પ્રચાર અર્થે ગામમાં ન પ્રવેશવા જણાવાયું છે. જબુગામ સહિત આસપાસના ૨૦ જેટલા ગામમાં ભાજપના કાર્યકરો માટે પ્રવેશબંધી ફરમાવાઈ છે.પરશોત્તમ રૂપાલાના નિવેદનને ઉભો થયેલો વિવાદ દિવસે-દિવસે વધી રહ્યો છે. ત્યારે છોટાઉદેપુર જિલ્લાના પણ કેટલાય ગામોમાં ભાજપની પ્રવેશબંધીના બેનર લગાવવામાં આવ્યા છે. જેમાં ભાજપના નેતાઓને તથા કાર્યકરોને ચૂંટણી પ્રચાર અર્થે ગામમાં ન પ્રવેશવા જણાવાયું છે. જબુગામ સહિત આસપાસના ૨૦ જેટલા ગામમાં ભાજપના કાર્યકરો માટે પ્રવેશબંધી ફરમાવતા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેમાં રાજપૂત સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર સોંપી રૂપાલાની ટિકિટ રદની માગ કરવામાં આવી હતી.

# અમરેલી લોકસભાનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે



અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે આવ્યા અને આ તકે સંસ્થાના પ્રમુખ અને સારહિ તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીએ તપોવન આશ્રમની કાર્યપધ્ધતિથી માહિતગાર કર્યા અને ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ ''તપસ્વી''ઓના આશીર્વાદ મેળવ્યા અને ભવિષ્યમાં તપોવન આશ્રમના કાર્યમાં સહભાગી બનશે તેવી ખાતરી આપેલ છે. આ તકે સંસ્થાના સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોશી, ચંદુભાઈ રામાણી, હરીભાઈ કાબરિયા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમ સારહિ યુથ કલબ ઓફ અમરેલીની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## દેશમાં મહિલાઓને લગતા ગુન્હાઓમાં

અને ટેક્ષટાઈલની નગરી સુરતમાં જ ક્રાઈમ રેટમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૬૦ દિવસ કરતા વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં કાયમી પોલીસ કમિશ્નરની નિમણુંક અંગે હજુ સુધી સરકાર કેમ નિર્ણય કરતી નથી ? તત્કાલીન મુખ્યમંત્રીએ પણ ભાજપ સરકારના ગૃહવિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થાય છે તેમ જણાવ્યું હતું. સુરતમાં ગુન્હાખોરીમાં ગત ૩ વર્ષમાં ૫૦.૪૫ ટકાનો વધારો થયો છે. સુરતમાં વસ્તુઓ ચોરાઈ જવાની ચિંતામાં ૩૪.૪૭ ટકા, કાર ચોરાઈ જવાની ચિંતા ૨૬.૪૫ ટકા અને ભ્રષ્ટાચાર– લાંચની ચિંતા ૫૫.૫૩ ટકા જેટલો છે ગુનાખોરીમાં સુરત અવ્વલ નંબરે આવી ગયુ છે. સુરતમાં ૭૨ કલાકમાં આઠથી વધુ હત્યા–ખૂનના કિસ્સાઓ સામે આવ્યા છે. મહિલાઓ સાથે અત્યાચારનાં ગુન્હાઓમાં સતત વધારો થયો. દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગુન્હામાં સતત વધારો થયો છે. રાજયમાં અપહરણ, બળાત્કાર, ઘરેલુ હિંસા, દહેજ મૃત્યુ અને શોષણ, મહિલાઓ પર અસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકીંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઈ રહ્યા છે. મહિલાઓને લગતા અપરાધના મામલા વધી રહ્યાં છે ત્યારે મહિલાઓ પર થતા અત્યાચારો ઉપર લગામ લગાવવા અને દીકરીઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ ભાજપ સરકાર જવાબ આપે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૯ |
| ૨ | જુવાર સફેદ | ૭૬૬ | ૭૭૧ |
| ૩ | ચણા | ૧૦૭૨ | ૧૧૧૯ |
| ૪ | એરંડા | ૧૦૯૦ | ૧૧૦૬ |
| ૫ | ધાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૬ | જીરૂ | ૪૫૬૦ | ૪૬૮૦ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૮૧૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૧ | ૧૨૧૫ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૧૬ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૬૦ | ૧૬૨૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૮૦૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૪૦૦ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૧૦૩૦ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૦૫ | ૬૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૬ | ૫૭૫ |
| ૯ | ચણા | ૯૧૦ | ૧૧૫૯ |
| ૧૦ | ચણા દેશી | ૧૩૪૩ | ૧૩૮૨ |
| ૧૧ | તુવેર | ૧૨૦૦ | ૨૧૩૦ |
| ૧૨ | કપાસ | ૧૦૨૮ | ૧૫૫૭ |
| ૧૩ | એરંડા | ૧૦૫૦ | ૧૧૨૧ |
| ૧૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૯૩૦ |
| ૧૫ | રાયડો | ૮૦૦ | ૯૦૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૫ | ૧૮૩૦ |
| ૧૭ | ધાણી | ૧૩૦૦ | ૨૧૮૦ |
| ૧૮ | અજમા | ૧૬૦૦ | ૨૯૦૦ |
| ૧૯ | મેથી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| ૨૧ | મરચા લાંબા | ૭૧૦ | ૫૫૦૦ |
| ૨૨ | વરીયાળી | ૧૦૩૦ | ૧૫૦૦ |
| ૨૩ | સુવાદાણા | ૧૦૩૦ | ૧૧૨૦ |

## વિશ્વ આરોગ્ય દિને
# તંદુરસ્ત અને પ્રસન્નતા પુર્ણ જીવન જીવીએ

અમરેલી, તા. ૮

૭ મી એપ્રીલ વિશ્વ આરોગ્ય દિન તરીકે વર્લ્ડમાં ઉજવવામાં આવે છે આજકાલ સહુ કોઈ ને નાના–મોટી સમસ્યાઓ હોય જ છે દરેક વ્યકિત લાંબુ અને સ્વસ્થ જીવન જીવવા ઈચ્છે છે. સઘર્ષમય જીવનમાં શાંત અને સ્વસ્થ રહેવુ જરૂરી છે.

ઈર્ષા, સ્વાર્થ, મોહ, લોભ વિગેરેથી દુર રહેવુ જોઈએ શાંતચિત, વોકીંગ કરવું, આનંદિત રહેવુ યોગ કરવા, પ્રાર્થના કરવી, હળવી કસરત કરવી વિગેરે કરવાથી હતાશા અને ટેન્શનમાંથી મુકત રહી શકાશે સાદો અને પૌષ્ટીક ખોરાક લેવો સાત/આઠ કલાકની ઉંઘ લેવી હકારાત્મક વિચારોથી



મન ભરી દેવુ સ્વચ્છતા રાખવી, પર્યાવરણનું પાલન કરવું મૃત્યુ મનુષ્યના હાથમા નથી પરંતુ આ રીતે જીવન જીવવાથી તંદુરસ્ત અને પ્રસન્નતા મળી શકે વિશ્વ આરોગ્ય દિને શારીશ્રિક અને માનસિક તંદુરસ્તી મળી રહે તેવી ઈશ્વરને પ્રાર્થના આ વર્ષની થીમં my health my right છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૭૫ |
| ૨ | તુવેર | ૧૪૩૦ | ૧૭૮૦ |
| ૩ | ઘઉં | ૪૪૫ | ૫૮૫ |
| ૪ | ચણા | ૧૦૯૦ | ૧૧૪૦ |
| ૫ | જીરૂ | ૪૧૨૦ | ૫૦૦૦ |
| ૬ | ધાણા | ૧૧૯૦ | ૧૮૦૦ |
| ૭ | મેથી | ૧૦૨૨ | ૧૦૯૮ |
| ૮ | રાઈ | ૯૭૦ | ૧૧૬૦ |
| ૯ | એરંડા | ૧૦૨૮ | ૧૦૯૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૧ | ૧૨૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૧ | ૧૨૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૫૨ |
| ૪ | તલ કાળા | – | ૨૭૫૧ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૪૭૦૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૮૮ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૨૪ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૮૪૦ |
| ૧૧ | મકાઈ | ૫૨૦ | – |
| ૧૨ | ચણા | ૧૦૮૦ | ૧૧૬૧ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૪૧ |
| ૧૪ | તુવેર | ૧૫૫૧ | ૧૮૦૧ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૬૧ |
| ૧૬ | મેથી | ૮૫૦ | ૧૦૭૪ |
| ૧૭ | રાય/રાયડો | ૮૫૧ | ૧૧૩૦ |
| ૧૮ | ધાણા | ૧૨૫૧ | ૧૮૦૦ |
| ૧૯ | ગમ ગુવાર | ૮૪૬ | – |

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલા–જાફરાબાદ પંથકમાં

મામલતદારને જાણ કરવામાં આવેલી જેમાં રાજુલાના મામલતદાર શ્રીમાળી, એમ.ડી. પરમાર, નાયબ મામલતદાર ઘઘટનાસ્થળે દોડી આવેલા અને ફાયર વિભાગ ની ટીમ ઘટના સ્થળે દોડી આવેલ. ફાયર ન જઈ શકે તેવી જગ્યા પર પણ ફાયરની ટીમે ફાયરને ચડાવી અને આગની સતત બે કલાકની ભારે જહેમત બાદ આગ કાબુમાં લેવામાં સફળતા મળેલી. ત્યારે સ્થાનિક અધિકારીઓની ટીમ તેમજ ફાયરની ટીમની સમય સૂચકતાએ આ આગને કાબુમાં લેવામાં સફળતા મળેલ.

જયારે ત્રીજી ઘટનામાં જોવા જઈએ તો જાફરાબાદ અને રાજુલા જવાના રસ્તા ઉપર લુણસાપુર ગામ નજીક સિન્ટેકસ કંપનીના ગેટ પાસે પાર્કિંગ કરેલા મોટર સાયકલમાં આગ લાગવાની ઘટના બનવા પામેલી. જેમાં અંદાજિત ૮ જેટલા સ્કૂટરો બળીને ખાક થઈ ગયેલા. આ આ ત્રણેય જગ્યાઓ ઉપર આગ કેવી રીતે લાગી તેની કોઈ વિશેષ માહિતી તંત્ર પાસેથી કે અન્ય કોઈ જગ્યાએથી જાણવા મળેલ નથી. પરંતુ ત્રણે જગ્યા ઉપર ફાયરની સમય સૂચકતાના કારણે મોટી જાનહાની કે મોટી નુકસાની કોઈ થવા પામેલ નથી તેવું જાણવા મળેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૨૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૮ | ૨૭૦૮ |
| ૩ | તલક કાળા | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૨ |
| ૫ | બાજરો | ૪૩૧ | ૫૫૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૯૧ |
| ૭ | જુવાર | ૩૫૦ | ૮૮૭ |
| ૮ | મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| ૯ | મેથી | ૯૬૦ | ૯૬૦ |
| ૧૦ | તુવેર | ૧૮૦૦ | ૧૯૨૧ |
| ૧૧ | ચણા | ૯૪૧ | ૧૧૪૭ |
| ૧૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૪ | રાય | ૯૦૨ | ૯૦૨ |
| ૧૫ | મઠ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ૨ | ચણા | ૧૦૪૦ | ૧૦૯૦ |
| ૩ | બાજરો | ૩૬૫ | ૬૬૫ |
| ૪ | મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| ૫ | ધાણા | ૧૨૩૦ | ૧૪૭૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૬૫ | ૪૯૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૦ |
| ૮ | સોયાબીન | ૮૫૨ | ૮૭૪ |
| ૯ | જીરૂ | ૪૭૦૦ | ૪૭૦૦ |
| ૧૦ | મેથી | ૬૫૦ | ૯૬૦ |
| ૧૧ | તુવેર | ૧૬૩૫ | ૨૦૦૦ |
| ૧૨ | મગફળી | ૧૧૨૫ | ૧૨૩૫ |
| ૧૩ | રાયડો | ૮૮૪ | ૯૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૦૦ |
| ૧૫ | લસણ | ૧૬૬૦ | ૧૬૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## રૂપાલાનો વિવાદ ડામવામાં

પોલીસે ૧૫થી વધુ ક્ષત્રિય સમાજના યુવાનોની અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી છે. છેલ્લા એક પખવાડિયાથી રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે. રાજામહારાજાઓ વિશે રૂપાલાએ આપેલા વાંધાજનક નિવેદનથી શરૂ થયેલા વિરોધ બાદ રૂપાલા બે વખત માફી માંગી ચૂકયા છે પણ ક્ષત્રિય સમાજ તેમને માફ કરવા તૈયાર નથી અને રૂપાલાની ઉમેદવારી ભાજપ રદ કરે એવી માંગણી સાથે વિરોધ આંદોલન ચાલી રહ્યું છે.

કચ્છ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાને પણ વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. આજે કચ્છ જિલ્લાનાં ગાંધીધામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ભાજપ ઉમેદવાર વિનોદ ચાવડાનો કાર્યક્રમ નિર્ધારિત હતો. ક્ષત્રિય સમાજ ધ્વારા આ કાર્યક્રમનો વિરોધ કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજના આગેવાનો ધ્વારા પરશોતમ રૂપાલા વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે કચ્છ પોલીસ ધ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ કચ્છના અનેક ભાગોમાં ક્ષત્રિય સમાજ ધ્વારા ભાજપ નેતા પરશોતમ રૂપાલાનો વિરોધ કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજની એક જ માંગ છે કે, પરશોતમ રૂપાલાને રાજકોટ લોકસભા બેઠક પરથી હટાવવામાં આવે. ક્ષત્રિ સમાજના આંદોલનને રોકવા માટે ભાજપ ધ્વારા ડેમેજ કન્ટ્રોલના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

સુરતના મોટા વરાછામાં પરશોતમ રૂપાલા પહોંચે તે પહેલા ક્ષત્રિયો ધ્વારા કાળા વાવટા ફરકાવી વિરોધ કરવામાં આવ્યો હતો. પોલીસે કાપડ તો તમામની અટકાયત કરી વિરોધને ડામી દેવાની કાર્યવાહી કરવી પડી હતી.

સુરતમાં મોટા વરાછા વિસ્તારમાં પરશોતમ રૂપાલાની બેઠક પહેલા ભારે વિરોધ પ્રદર્શન ક્ષત્રિયો ધ્વારા કરવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શનમાં કાળા વાવટા પણ દર્શાવવામાં આવ્યા હતા. ક્ષત્રિયોએ કોઈ ભોગે રૂપાલાની ટિકીટ રદ કરો સહિતના સુત્રોચ્ચાર કરીને કાળા વાવટા ફરકાવ્યા હતા. આ કિસ્સામાં પોલસે અટકાયતો પણ કરવી પડી હતી.

સુરતમાં વસતા રાજકોટના પાટીદાર સહિત જુદા–જુદા સમાજના આગેવાનો સાથે મિટીંગ કરી ભાજપને મત આપવા અપીલ કરવા આવ્યા હતા. તેમના આગમન સમયે વિરોધ થતાં ગરમાવો આવી ગયો હતો.

સંકુલ ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ
ધો. ૧૧–૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – ગર્લ્સ પ્રવેશ
★ ડેઈલી હોમવર્ક ટેસ્ટ – કોર્સ પૂર્ણ થયે ડેઈલી રીપીટેડલી પરિક્ષા – વ્યાજબી ફીજ
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજયશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ – JEE - NEET - GUJCAT ડેઈલી એડીશનલ કલાસ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ ધો. ૧૦–૧૨ બોર્ડ A1-A2 ગ્રેડ ને ધો. ૧૧–૧૨ પૂર્ણ – અર્ધી સ્કૂલ ફી માફ / પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad007

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૧૬ |
| ૨ | મગફળી | ૧૦૮૬ | ૧૦૮૬ |
| ૩ | ઘઉં | ૪૦૫ | ૫૧૭ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૮૯ |
| ૫ | મગ | ૧૭૩૦ | ૧૭૩૦ |
| ૬ | ધાણા | ૧૧૭૧ | ૧૩૧૧ |
| ૭ | બાજરો | ૩૬૧ | ૪૩૫ |
| ૮ | જીરૂ | ૪૫૭૧ | ૪૫૭૧ |
| ૯ | વાલ | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૧૦ | એરંડા | ૧૧૦૦ | ૧૧૧૩ |
| ૧૧ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૨ | કાળા તલ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૭૫ | ૧૧૭૫ |

## બગસરાના જુના વાઘણીયા, બાલાપુર, માવજીંજવા સહિતનાં ગામોનો કોંગી ઉમેદવારનો પ્રવાસ

# ખેડૂતપૂત્રી જેનીબેન ઠુંમરે ખેડૂતોની વેદનાને વાચા આપી

અનાજ કોઈ ફેકટરીમાં બનતુ નથી તેના માટે મહેનત કરવી પડે અને ખેડૂત બનવુ પડે

બગસરાના ઈમીટેશન ઉધોગને વિદેશ સ્તરે પણ પ્રોત્સાહન આપવામાં આવતુ નથી

બિયારણ, ખાતર, દવા, ડીઝલના ભાવ વધારાથી ખેડૂતોની આવક ઘટતી જાય છે

ખેડૂતો અને શ્રમિકોનું કલ્યાણ કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નિવડી છે



બગસરા, તા.૮

બગસરાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે અમરેલી લોકસભાના કોંગ્રેસના મહિલા અને શિક્ષત ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે લોકોના આશિર્વાદ મેળવવા ગયા હતા.ત્યારે તેમણે બગસરાના ગ્રામ્ય વિસ્તારમાં કેન્દ્ર સરકારને પ્રશ્ન કર્યો કે ઉદ્યોગો માટે લાલજાજમ પાથરો છો ત્યારે મારે જણાવવુ છે. કે અનાજ બનાવીશકે તેવી કોઈ ફેકટરી નથી અને ખેડૂત બનવુ સહેલુ પણ નથી ત્યારે છેલ્લા ૧૦વર્ષમાં અસંખ્ય લોકો ખેતી છોડી રહ્યા છે. ખાતર, દવા, બિયારણ મોંઘા બન્યા છે. અને કુદરતી આફતો ના કારણે ખેડૂતો ખેતીથી વિમુખ થઈ રહ્યા છે. ત્યારે અનાજ વગર આપણે જીવશું કેમ આપે જીવવુ હોય તો માનવ અને જીવમાત્રનું જીવન ખેતી અને ખેડૂત સાથે જોડાયેલુ છે. ત્યારે ખેડૂતો કપાસ, મગફળી, તેલીબીયા, બાગાયતી પાકોમાં સારામાં સારા ભાવ મળે તેવી અમારી કેન્દ્ર સરકાર પાસે માંગણી છે.

ખેડૂતોના પરિવાર દિવસ - રાત ખેતીમાં મહેનત કરે છે અને તેમની સાથે હજારો લોકોને કૃષિ આધારિત મજુરી મળે છે. ત્યારે ખેત મજુરોને પુરતી સરક્ષા કવચ મળે અને ખેડૂતોને પોતાની ઉપજના યોગ્ય ભાવ મળે તે જરૂરી છે.

ખેડૂત પરિવારના દિકરા - દિકરીઓને સારૂ શિક્ષણ મળે અને તે આધુનિક ખેતી કરી શકે અને ભવિષ્યમાં સારા અધિકારી કે ઉચ્ચ અધિકારી બને તે માટે સરકો યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

આ ઉપરાંત બગસરાના ઈમીટેશન ઉદ્યોગની ભારતભરમાં સારી છાપ અને ઈમીટેશન જવેલરી સારી માંગ છે. ત્યારે આ ઉદ્યોગને વિશ્વકક્ષાએ ઓળખ મળે તો અહીંયા બે - રોજગારીનો મોટો પ્રશ્ન છે. દુર થઈ શકે અને લોકોને સ્થાનિક પોતાના વતનમાં જ રોજગારી મળી શકે.

જિલ્લા કોંગ્રેસ પક્ષના પ્રમુખ પ્રતાપ દુધાતે બગસરાના ગ્રામ્ય વિતારમાં લોકોને સંબોધન કર્તા જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં ખેડૂતો અને ખેતી પર નભતો વિસ્તાર છે. ત્યારે વર્તમાન સરકાર પર આકરા પ્રહાર કર્તા જણાવ્યુ હતુ કે કોંગ્રેસના સમયમાં ૩૭૦નો રાધણ ગેસનો બાટલો મળતો હતો તે ભાજપ સરકારે ૧૧૦૦નો કર્યો, ખાતર - દવા - બિયારણ પણ મોંઘા કર્યા ખેડૂતોને પોતાની ઉપજ ના પુરતા ભાવ ભળતા નથી લોકો ખેતી છોડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ગેરંટીને પ્રતાપભાઈ દુધાતે વાચી સંભળાવ્યો હતો. જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે, અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુન : જુની પધ્ધતી મુજબ કરવમાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો : ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ. એસ. પી. ની કાનૂની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા. ૧ લાખ, અને સરકારી નોકરીમાં ૫૦ % આરક્ષણ, મજુરો માટે :- મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય : આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ - જંગલ - જમીનનો કાનૂની હક વન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસીત બહુમતિ વાળા વિસ્તારોમાં અધુસુચિત થાશે.

તાલુકા કોંગ્રેસના પ્રમુખ મનિષભાઈ ભંડેરીએ જણાવ્યુ કે અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર બહેન છે. ત્યારે આપણી મા - બહેન અને દિકરીઓએ આપણી દિકરી ચૂંટણી લડવા આવી છે. તેમ માની અને મતદાન કરવાનું છે. અમરેલી જિલ્લાના પ્રશ્નો લોસભામાં સારી રીતે ઉઠાવી શકે તેવા શિક્ષત અને વિદેશમાં અભ્યાસ કરેલા જેનીબેન ઠુમ્મર ખેડૂતો, વેપારીઓ, યુવાનો, બહેનો અને આરોગ્ય અને શિક્ષણા પ્રશ્ન દિલ્હીના દરબારમાં સારી રીતે સંસદ ભવન ગજવી શકે તેવા ઉમેદવાર છે. માટે તો એને જંગી બહુમતીથી વિજય બનાવવા અપીલ છે. આ પ્રવાસમાં જેનીબેન ઠુમ્મર સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસિયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષભાઈ ભંડેરી, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, સુરેશભાઈ કોટડીયા, રવજીભાઈ પાનશુરીયા, સત્યમભાઈ મકાણી, બાબુભાઈ દુધાત જનકભાઈ પંડયા સુખાભાઈ વાળા બાબુભાઈ સતાસિયા માઈકલભાઈ હિતેશભાઈ સાંગાણી નિર્મળદાસબાપુ સરપંચ પુનાભાઈ સુધીરભાઈ બોરડ બાલુભાઈ તલાવ્યા રમેશભાઈ વઘાસિયા મહેશભાઈ ગોધાણી રમેશભાઈ ધાડિયા બાબુભાઈ દુધાત, હિતેષભાઈ સાંગાણી, રતિભાઈ સાંગાણી, દુલાભાઈ સોજીત્રા, કાંતિભાઈ સરસીયા, કાળુભાઈ રફાળીયા, અરવિંદભાઈ દાફડા, મધુભાઈ કોટડીયા, ધીરૂભાઈ રાબડીયા, ધીરૂભાઈ સોજીત્રા, અશોકભાઈ ગોંડલીયા, પરશોતમભાઈ ગેવરીયા, હિરેનભાઈ મશરૂ, બાબુભાઈ હરખાણી, આમ આદમી પાર્ટીના આગેવાન રમેશભાઈ રાણપરીયા, દલસુખભાઈ ગોંડલીયા, નાગજીભાઈ કાપડીયા, મગનભાઈ વઘાસીયા, મનુભાઈ ગેવરીયા, ઓઘડપરી ગૌસ્વામી, સહિત વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા

---

### પુર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# ડુંગળીની ખરીદી કર્યાના ૬૦-૭૦ દિવસ બાદ પણ હજારો ખેડુતોને નાણા ચુંકવવામાં આવ્યા નથી

## સરકારે ખેડુતોની ડુંગળી ૧૦-૧૧ રૂપિયા જેવા નીચા ભાવથી ખરીદી કરેલ હતી

અમરેલી, તા. ૮

અમરેલીનાં પુર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે પત્રમાં જણાવેલ છે કે ડીસેમ્બર ૨૦૨૩માં ખેડુતોને ૧ કિલો ડુંગળીના ૨૫-૩૦ રૂપિયા જેવા પોષણક્ષમ ભાવ મળતા હતા, જે ૮ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ સરકાર દ્વારા કરવામાં આવેલ નિકાસબંધીના કારણે જાન્યુઆરી ૨૦૨૪માં ડુંગળીના બજાર ભાવ ખેડુતોની પડતર કિંમત કરતાં પણ નીચા એટલે કે ૧ કિલો ના ૧૦-૧૧ રૂપિયામાં ખેડુતો વેચવા માટે મજબુર બન્યા હતાં, સરકારે પણ ખેડુતોની ડુંગળી ૧૦-૧૧ રૂપિયા જેવા નીચા ભાવથી ખરીદી કરેલ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ખાંભા તાલુકામાં માર્કેટીંગ યાર્ડ ખાતે સરકારે "શાંભવી એગ્રોફેડ" નામની સંસ્થા મારફતે હજારો ખેડુતો પાસેથી ખેડુતોની પડતર કિંમત કરતા પણ નીચા ભાવ એટલે કે ૧૦-૧૧ રૂપિયા પ્રતિ કિલોના ભાવથી ડુંગળીની ખરીદી કરી હતી. ડુંગળીની ખરીદી કર્યા ના ૬૦-૭૦ દિવસ બાદ આજે પણ હજારો ખેડુતોને નાણા ચુંકવવામાં આવ્યા નથી, જેનાં કારણે ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે. તો આ બાબતે આગળની તાત્કાલીક જરૂરી કાર્યવાહી કરી ખેડુતોને તેમનાં નાણા સત્વરે ચુકવવા અંતમાં માંગ કરેલ છે.



---

### ભાજપનો જુથવાદ હોવાની ચર્ચા

# વડિયામાં પુર્વ બે સરપંચોએ જાહેરમાં બઘડાટી બોલાવતા ચકચાર

## ગામજનોમાં ઘટનાને લઈને આશ્ચર્ય

વડિયા, તા. ૮

વડિયામાં લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ ભાજપના જૂથ કાર્યરત છે તેમાંથી બે પૂર્વ સરપંચોના જૂથમાં કોઈ ધાર્મિક બાબત ને લઈને વિવાદ થતા જાહેરમાં બઘડાટી બોલતી જોવા મળી હતી. બંને પૂર્વ સરપંચો એ બસ સ્ટેન્ડ સામે ના એક વ્યવસાયિક સ્થળ ની જગ્યા માં ગાળા ગાળી કરતા એક રાજકીય ડ્રામા જેવો માહોલ સર્જાયો હતો ત્યારે વર્તમાન ચૂંટણીમાં આ જુથવાદ ભાજપ ને ડુબાડશે તેવી લોકોમાં ચર્ચાઓ વહેતી થતી જોવા મળી હતી. ચૂંટણી સમયે ઉભા થતા જુથવાદ ને ભાજપ કઈ રીતે ડામે છે તે તો આવનારો સમય જ નક્કી કરશે પરંતુ વડિયામાં ભાજપનો જુથવાદ ચરમસીમા એ પહોંચી જાહેર બજારમાં ચકડોળે ચડતો જોવા મળી રહ્યો છે.

---

# લીલીયા મોટા ગ્રામ પંચાયતમાં લીગલ એડવાઈઝરની નિમણુંક

લીલીયા મોટા, તા. ૮

લીલીયા મોટા ગ્રામ પંચાયતની ગત સામાન્ય સભાંની મિટિંગ માં સર્વાનુમતે ઠરાવ દ્વારા લિલિયાના બાહોશ, યુવાન, સામાજિક કાર્યકર, વકીલ અને વેપારી મંડળના લીગલ એડવાઈજર વકીલ શ્રવણ (સંજય) એલ. બગડાની લીલીયાગ્રામ પંચાયતમાં લીગલ એડવાઈઝર તરીકે ની વરણી કરવામાં આવી છે. જેથી આવનારા સમયમાં લીલીયા ગ્રામ પંચાયતમાં પંચાયત ધારા તથા જમીન લગત પ્રશ્નો ને કાયદાકીય વાચા મળે અને લીલીયાના વિકાસમાં સહકાર મળે તેવા શુભ હેતુ થી ઠરાવ દ્વારા આ વરણી કરવામાં આવી છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.



---

# અમરેલીના ગાયત્રી મોક્ષધામ ખાતે છાશકેન્દ્રનો આજે પ્રારંભ

અમરેલી, તા.૮

અમરેલી ખાતે ગાયત્રી મોક્ષધામ સ્મશાન કમીટી ટ્રસ્ટ સંચાલિત છાશ કેન્દ્રનું આવતીકાલ તારીખ ૯ ને મંગળવારના રોજ સવારે ૮ કલાકે પ્રારંભ ઉદઘાટન કરવામાં આવશે. આવતીકાલે ગાયત્રી મોક્ષધામ, બહારપરા ખાતે સવારે ૮ કલાકે છેલ્લા ૨૨ વર્ષથી અવીરત રીતે વિનામૂલ્યે ચાલતા છાશ કેન્દ્રના ૨૩ માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે લાભાર્થીઓને છાશ વિતરણનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

---

### ભૂગર્ભ ગટર બાબતે ડખ્ખો

# અમરેલીનાં સાજીયાવદર ગામે સામસામે માથાકૂટની ઘટના બની

## પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૮, મુળ અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના વતની અને હાલ અમરેલીમાં રહેતા હરેશભાઈ ભાભલુભાઈ ધાધલ, નામનાં ખેડુત સાજીયાવદ ગામના સરપંચ તરીકે સેવા આપતા હોય અને ગ્રામ પંચાયતની ભુગર્ભ ગટરનું કામ કરતા હોય. ત્યારે તા. ૭ના બપોરના આશરે એક વાગ્યે સાજીયાદર ગામે ભુપતભાઈ વાળા તથા રવીરાજભાઈ વાળા નામનાં આરોપીઓએ આ ભુગર્ભ ગટરનું કામ ઉભુ રખાવી સરપંચની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, ગાળો આપી આરોપીએ લોખંડના પાઈપનો એક ઘા સરપંચના જમણા પગની પીંડી ઉપર મારી તથા શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી શરીરે બટકા ભરી લઈ મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. તો સામા પક્ષે તેજ ગામે રહેતા ભુપતભાઈ વાળા નામનાં ખેડૂતે વળતી ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે, સાજીયાવદર ગામે ગટરનુ કામ ચાલુ હોય ત્યા ગટરની લાઈન મેઈન બજાર સુધી લંબાવી દેવા સરપંચ હરેશભાઈને રજુઆત કરતા હરેશભાઈએ તેની રજુઆતને ગ્રાહ્ય ન રાખતા હરેશભાઈના ભાઈ પ્રતાપભાઈ ભાભલુભાઈ ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારતા સાહેદ રવિરાજભાઈ આવી ગયેલ તેને ઉપરોકત ત્રણેય આરોપીઓએ ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી સાહેદ ઉમાબેનને ધક્કો મારી પછાડી દઈ શરીરે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

---


## જાહેર નોટિસ / ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર જાહેર નોટીસ / ચેતવણી આપીને, જાહેર જનતા તથા લાગતા વળગતાને જણાવવાનું કે, અમરેલી નગરપાલિકાની હદમાં, લાઠી રોડ વિસ્તારમાં ભગીની છાત્રાલય પાસે, આવેલ માણેકસ્થંભ ફલેટમાં માણેકસ્થંભ એપાર્ટમેન્ટ બનાવનાર ભાગીદારો પૈકી પીનાકીનભાઈ નાગરદાસભાઈ ચિતલીયાએ માણેકસ્થંભ ફલેટ ધારકોની કોમન જગ્યામાં બનાવેલ ઓફિસ રૂમમાં ગેરકાયદેસર રીતે કબ્જો કરવાનો પ્રયત્ન કરીને અન્ય ભાગીદારોએ આપેલ કુલ મુખત્યારનામાનો ગેર ઉપયોગ કરીને આ ઓફિસ રૂમનો પીનાકીનભાઈ નાગરદાસભાઈ ચિતલીયા એચ.યુ.એફ.ના નામે વેચાણ દસ્તાવેજ તા.૨૨/૧૨/૨૦૧૨ના રોજ અનુક્રમ નં.૪૦૨૩ થી અમરેલી સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને તથા ભાગીદારી ફેરફાર થયા બાદ પણ કુલ મુખત્યારનામાનો ગેરઉપયોગ કરીને સુધારા દસ્તાવેજ તા.૧૨/૦૩/૨૦૧૯ ના રોજ અમરેલી સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને તેમના આધારે અમરેલી સીટી સર્વે કચેરીમાં ખોટી રીતે તેમના નામે નામ દાખલ કરવા કાર્યવાહી કરીને તથા ગેરકાયદેસર રીતે વીજ કનેકશન મેળવીને આ ઓફીસરૂમ હડપ કરવા પ્રયત્નો કરી રહેલ હોય, જે માણેકસ્થંભ ફલેટ ધારકોની મજમુ કોમન જગ્યા છે. અને બધા ફલેટ ધારકો / દસ્તાવેજ ધારકો મજમુ જગ્યા મેળવવા માટે તેમના ભાગીદારોને આ સંબંધી રજુઆતો કરેલ હોય, જેથી આ વેચાણ દસ્તાવેજ રદ કરવા સંબંધી તેમની સામે તેમના અન્ય ભાગીદારોએ નામદાર અમરેલી સિવીલ કોર્ટમાં દાવો દાખલ થયેલાનું અમોને જાણવા મળેલ હોય, તેમજ ભાગીદારોએ આપેલ કુલમુખત્યાર નામનો ગેરઉપયોગ કરીને માણેકસ્થંભ ફલેટ પૈકી ફલેટ નં.૯૦૩ માં વેચાણ દસ્તાવેજમાં ઉપરની છત / અગાસીની માલીકી હોવાનો ઉલ્લેખ કરીને ખોટી રીતે આ ફલેટ ઉપર રહેલ છત / અગાસીનો ગેરકાયદેસર કબ્જો કરવા પ્રયત્ન કરેલ હોય, જે સંબંધે અમો માણેકસ્થંભ ફલેટ ધારકો નામદાર સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરવા તથા ફોજદારી ફરીયાદ કરવા કાર્યવાહી કરી રહેલ હોય, દરમિયાનમાં આ પીનાકીનભાઈ નાગરદાસભાઈ ચિતલીયા ઉપરોકત ઓફીસ રૂમ વાળી જગ્યા તથા માણેકસ્થંભના ફલેટ નં.૯૦૩ વાળો ફલેટ વેચાણ કરવા તજવીજ કરી રહેલ હોય, જેથી અમારે જાહેર જનતાને જાણ કરવા અને ચેતવણી આપવા માટે હાલની આ જાહેર નોટીસ આપવાની ફરજ પડેલ છે.

જેથી તે સંબંધી લાગતા વળગતાઓને અગર તો ઉપરોકત જણાવ્યા મુજબની ઓફીસ રૂમ / ફલેટની મિલ્કત અમારી જાણ બહાર કોઈપણ પ્રકારની અમારા હક્ક-હિતને નુકશાન થાય તેવી પ્રવૃતિમાં જે કોઈ ખોટી રીતે સાથ સહકાર આપશે તેઓની સામે ધોરણસરની કાર્યવાહી કરશું તથા સદરહું મિલ્કત બાબતે તથા અમારા હકક હિત બાબતે તેઓની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી યોગ્ય કોર્ટમાં કરવામાં આવશે તેમજ કાનુની રાહે તથા ફોજદારી રાહે કડક પગલા લેવામાં આવશે અને જેમાંથી ઉદભવતા સઘળા ખર્ચ અને પરીણામોની જવાબદારી જે તે શખ્સની રહેશે. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓને ખાસ તથા ગંભીર નોંધ લેવા વિનંતી.

સ્થળ :- તા.૦૪-૦૪-૨૦૨૪.
સ્થળ : અમરેલી

**માણેકસ્થભ ફલેટ ધારકો**

## ૯ વર્ષમાં અંદાજિત ૩૪ લાખ અને ગુજરાતમાં પોણો લાખથી વધારે ગુન્હા નોંધાયા

# દેશમાં મહિલાઓને લગતા ગુન્હાઓમાં ચિંતાજનક વધારો

### દેશમાં અનુ.જાતિને લગતા ૪.૧૬ લાખ ગુન્હામાં ગુજરાતમાં ૧૧ હજારથી વધુ ગુન્હા નોંધાયા

### ગાંધીનાં ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચી

### લોકસભાની ચૂંટણીનાં સમયે જ વિપક્ષી પાર્ટીએ સરકાર માટે ચિંતાજનક આંકડા જાહેર કર્યા

### પ્રદેશ કોંગી પ્રવકતા મનિષ દોશીએ સત્તાવાર આંકડા સાથે પત્રકારોને માહિતી આપી

અમદાવાદ, તા. ૮

દેશ સતત વધી રહેલી ગુન્હાખોરી અને મહિલાને લગતા ગુન્હાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ભાજપ સરકારમાં કાયદા વ્યવસ્થાની સ્થિતિ સતત કથળી રહી છે ત્યારે શું આ છે સલામત ગુજરાત ? તેવો વેધક પ્રશ્ન સાથે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારના રાજમાં દેશમાં ગુનાખોરીમાં વધારો થયો છે. રાજયમાં પણ ગુનાખોરીમાં વધારો થતા આંકડા સામે આવ્યા છે. દેશમાં મહિલાઓને લગતા ૩૩,૯૩,૨૯૪ ગુના નોધાયા છે. ગુજરાતમાં છેલ્લા નવ વર્ષમાં મહિલાઓને લગતા ૭૫૪૯૯થી વધુ ગુનાઓ નોંધાયા છે. દેશમાં ૯ વર્ષમાં મહિલાઓ પર દુષ્કર્મના ૩ લાખથી વધુ અને ગુજરાતમાં ૫૫૬૦થી વધુ કેસ નોધાયા છે. દેશમા અનુસૂચિત જાતિને લગતા ૪,૧૬,૯૯૦ ગુનામાં અને ગુજરાતમાં ૧૧૭૫૧થી વધુ ગુન્હાઓ નોંધાયા છે. ભાજપ શાસનમાં મહિલા, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિને લગતા ગુન્હાઓ તો વધ્યા જ છે પરતું બાળકોને લગતા ગુન્હામાં પણ ચિંતાજનક વધારો છે. દેશમાં બાળકોને લગતા ૧૨ લાખ જેટલા ગુન્હાઓ અને ગુજરાતમાં ૩૩,૦૦૦ જેટલા ગુન્હાઓ નોધાયા છે. વર્ષ ૨૦૨૨માં મહિલાઓને લગતા ૪,૪૫,૨૫૬ જેટલા ગુન્હાઓ નોધાયા છે. જેમાંથી ગુજરાતમાં ૭૭૩૧ જેટલા ગુન્હાઓ નોધાયા હતા. ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૨૨ સુધીમાં ૯૭ કસ્ટોડીયલ ડેથ થયા છે. જેમાં ઝીરો કન્વીકશન રેટએ ભાજપ સરકારની નિષ્ફળતાને ઉજાગર કરે છે.

રાજયના ગૃહમંત્રીનાં શહેર સુરતમાં ક્રાઈમ રેટ ત્રણ વર્ષ ૫૦ ટકા કરતા વધ્યો છે. સલામત ગુજરાતની વાત કરનાર ભાજપ સરકારમાં હિરા

અનુસંધાન પાના ૬ ઉપર

## અમસ્તુ જ નહી કહેવાતું હોય કે, પ્રેમ આંધળો છે, પ્રેમમાં માણસ પાગલ બની જાય છે

# મે તેરે પ્યાર મે પાગલ, 3 બાળકોની માતા પતિ અને પ્રેમી બંને સાથે રહેવા વીજપોલ પર ચઢી ગઈ

### ગોરખપુર જિલ્લામાં બનેલ ઘટનામાં પોલીસની દરમિયાનગીરીથી મામલો શાંત થયો

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૮



ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જયાં એક મહિલા તેના અવૈધ સંબંધનો ખુલાસો થતાં ઈલેકિટ્રક પોલ પર ચઢી ગઈ હતી. મહિલાને ત્રણ બાળકો છે અને તેનું છેલ્લા સાત વર્ષથી અફેર હતું. તેના પતિને આ વાતની જાણ થતાં જ તેણે વિરોધ કરવાનું શરૂ કર્યું. આ પછી મહિલાએ આત્મહત્યા કરવાની ધમકી આપવાનું શરૂ કર્યુ.

ફ્રી પ્રેસ જર્નલે સ્થાનિક મીડિયાના અહેવાલોને ટાંકીને જણાવ્યું હતું કે, તેના પતિએ પડોશી ગામના એક યુવક સાથેના તેના ગેરકાયદેસર સંબંધોને નામંજૂર કર્યા પછી મહિલાએ ઘણી વખત આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. એક મહિના પહેલા તેણે કથિત રીતે એક બિલ્ડિંગના પાંચમાં માળેથી કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. અગાઉ મહિલાના પ્રેમીએ પણ રેલ્વે ટ્રેક પર પહોંચીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાઓ બાદ તાજેતરના કેસમાં મહિલાને હાઈ–ટેન્શન ઈલેકિટ્રક વાયર સાથે બાંધેલા ઈલેકિટ્રક પોલ પર ચડતી જોવા મળી હતી અને તેની વિડિયો ટેપ કરવામાં આવી હતી. ઘટના સ્થળનો એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે, જેમાં મહિલા પોલ પરથી નીચે ઉતરવાની ના પાડી રહી છે જયારે સ્થાનિક લોકો તેને સમજાવીને જમીન પર પાછા લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર પોલીસ પતિ–પત્ની અને પ્રેમી વચ્ચે સમાધાન કરાવવાનો પ્રયાસ કરી રહી છે. પતિએ તેની પત્નીની સમસ્યા વિશે પોલીસને જાણ કરી અને કહ્યું કે પ્રેમી તેની પત્ની સાથે રહેવા માંગે છે, જો કે, તે ત્રણ બાળકોની માતા હોવાને કારણે પારિવારિક કારણોસર તેને છોડવા માંગતી નથી. તમને જણાવી દઈએ કે આ કિસ્સો છે પિપરાચ વિસ્તારના કબડી રોડનો જયાં ૩ બાળકોની માતા એક યુવક સાથે પ્રેમમાં પડી ગઈ જયારે તેનો પતિ ત્યાં હતો અને તેના પતિને તેના પ્રેમીને તે જ ઘરમાં રાખવાની જીદ કરવા લાગી, પત્નીને પતિએ ના પાડતાં ગુસ્સો આવી ગયો. તે ઈલેકટ્રીક પોલ પર ચઢી ગઈ, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો.

મહિલા ઈલેકટ્રીક પોલ પર ચઢી ગઈ હોવાની માહિતી મળતા જ પોલીસ અને વીજળી વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મહિલાને ઝડપથી શાંત કરી પોલ પરથી નીચે ઉતારી હતી. હાલ મહિલા સુરક્ષિત છે.

# દામનગરમાં નવા બનેલ પુલમાં તિરાડ



દામનગરમાં નવો પુલ ગમે ત્યારે ધરાશાયી થવાની સંભાવના..!!?'. ચૂંટણી સમયે સામ–સામા આવી જતા ઉમેદવારો માટે કાર્યકર (કહેવાતા..!) પોતાના પક્ષના ઉમેદવારને જીતાડવા માટે તનતોડ મહેનત કરી લેતા હોય છે, સારી વાત કહેવાય પણ જયારે જે–તે ગામમાં થયેલ વિકાસના કામો થોડા સમયમાં જ જો તૂટવા લાગે ત્યારે આંખ આડા કાન કરી લેવા..!! માત્ર પોતાનો હોદો સાચવી રાખવા અને સારૂં લગાડવા થઈ જશે એવી વાતો કરીને પછી લોકો ભૂલી હતા હોય છે અથવા તો મૌન સેવી લેતા હોય છે. ગુજરાતમાં વિકાસના કામો બાબતે જયારે પોલ ખુલી જાય ત્યારે તપાસ થશે, ચમરબંધીઓને નહિ છોડવામાં આવે એવી સુફિયાણી વાતો કરીને પડદો પાડી દેવાતો હોય છે અને બધું પૂર્ણ વિરામ થઈ જાય... વાહ ભૈ વાહ ખૂબ–ખૂબ વિકાસની વાતો સંભળાવી..!! ફરી પાછી ચૂંટણી આવી ગઈ, ફિરસે...કે પરિવર્તન ઝંખી રહી છે દેશની જનતા...!! આ બંને તસ્વીરો દામનગરમાં ૨૧ નાળાની (પુલ) જગ્યાએ બનાવેલ નવા પુલની આજુ–બાજુ ખાડાઓ અને કડ પડી ગઈ હોય ભારે વાહનોની સતત અવર–જવરવાળા આ પુલ ઉપર કે બંને બાજુ મોટો અકસ્માત થવાની ભીતી રહ્યા કરે છે..!! આ પુલ ઉપરથી રાજકારણીઓ, નેતાઓ, અધિકારીઓ, જનતાના પ્રતિનિધિઓ પસાર થાય છે તો પણ આંખ આડા કાન કરી લેતા હોય છે અને રજુઆત કરાય તો સૂચના આપવામાં આવશે એવો જવાબ આપી દેવાય છે. કોઈની કાઈ જવાબદારી જ નહિ..!! જનતાનાનું અને વાહન ચાલકોનું જે થવું હોય તે થાય, જનતાના પૈસે તાગડધિન્ના કરો...!! અને સૌનો સાથ–સૌનો વિકાસની વાતો કરીને સત્તા મેળવતા રહીએ.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,590/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ઘારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.



Sheetal
Sheetal Restaurant - Ice Cream, South Indian & Fast Food
દરેક ખરીદી પર મેળવો કેશબેક
Earn 10% Cashback
કોઈપણ ખરીદી પર
તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.
Terms & Conditions
• મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
• 2 ઓફર એક સાથે માન્ય નથી.
• ઓફર ફક્ત શીતલ રેસ્ટોરન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
• કેશબેક ઓફર માત્ર રેસ્ટોરન્ટના બીલ પર જ માન્ય ગણાશે.
Location
શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954



LG BEST SHOP
Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.99 74 77 23 77



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)